₹ ૧૫/-

## બુદ્ધનો માર્ગ



# પ્રભુ અર્પણ

મે - ૨૦૧૮

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✲

મારી અનુભૂતિ પ્રમાણે મનથી પર રહેલી કોઈ વસ્તુ છે. આત્મતત્ત્વ માટેનો છેવટનો શબ્દ મન નથી. મન એ અવિદ્યાની ચેતના છે અને તેનાં દર્શનો અસત્ય, મિશ્રણયુક્ત અને અપૂર્ણ સિવાય બીજા પ્રકારનાં હોઈ શકે નહિ–અને સાચાં હોય ત્યારે પણ તે આંશિક પ્રતિબિંબ જ હોય છે. નહિ કે સત્યનું પોતાનું સ્વરૂપ, પરંતુ એક સત્ય-ચેતના (ઋત–ચેતના) છે. કેવળ સક્રિય અને આત્મદર્શનવાળી નહિ, પરંતુ સક્રિય અને સર્જનાત્મક; અને હું તેમાં પ્રવેશ કરવાનું વધારે પસંદ કરું છું.

શ્રી અરવિન્દ

(યોગ વિશે પત્રો, ભાગ ૧ પૃ. ૫૮)

એક બૃહદ નીરવ શૂન્ય તરીકેની આત્માની અનુભૂતિ તે નિર્વાણનું નકારનું પાસું છે. મન માટે તે બિલકુલ સ્વાભાવિક છે. જો મન તેમાં 'નેતિ' - 'નેતિ'ની નકાર ગતિ અનુસરીને પાછા ફરીને તેને પ્રથમ પ્રાપ્ત કરે અને જો તમારે તે વસ્તુને પકડી રાખવી હોય, આગળ પ્રગતિ કરવી ન હોય, તથા આ બિન-અસ્તિત્વની મુક્તિથી સંતોષ પામવો હોય તો પછી સ્વાભાવિક રીતે જ તમે બુદ્ધમતવાદીઓની માફક તત્ત્વજ્ઞાનની ચર્ચા કરતા થઈ જશો કે શૂન્ય એ જ વાસ્તવિક સત્ય છે.

**શ્રી અરવિન્દ**

**(યોગ વિશે પત્રો, ભાગ-૧ પૃ. ૭૨)**

# પ્રભુ અર્પણ

**(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)**

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

**મે - ૨૦૧૮ વર્ષ : ૦૪ અંક : ૫**

# અનુક્રમ

## બુદ્ધનો માર્ગ


| | |
|---|---|
| બુદ્ધ | ૫ |
| બૌદ્ધ ધર્મ | ૧૨ |
| બુદ્ધનાં ચક્ષુ (કાવ્ય) | ૧૭ |
| બૌદ્ધ માર્ગ અને અન્ય યોગ માર્ગો | ૧૮ |
| ધમ્પદમાંથી રત્નો | ૨૩ |
| બુદ્ધની કથા... | ૪૦ |
| * | |
| વૃત્ત વિશેષ | ૪૧ |


**તંત્રી નોંધ :** બુદ્ધ ૨૫૦૦ વર્ષ કે તેથી પણ વધુ વર્ષો પહેલાં અવતર્યા હતા, છતાં એમની સશક્ત અસર પૃથ્વી ઉપર તેમ જ માનવો ઉપર સતત કાર્ય કરતી જ રહી છે. શ્રી માતાજી બુદ્ધ સાથે આંતરિક સંપર્ક ધરાવતાં હતાં. પ્રાર્થના અને ધ્યાનમાં એમની આ અનુભૂતિનું સુંદર લેખિત વર્ણન થયેલું આપણને જોવા મળે છે. પોંડિચેરી આવતાં પહેલાં શ્રી માતાજીએ બૌદ્ધ માર્ગ તથા ગીતાના યોગમાં નિપુણતા પ્રાપ્ત કરી લીધી હતી. પોંડિચેરી આવી શ્રી અરવિન્દ સાથે સહકાર સાધીને એમણે પૂર્ણયોગની પદ્ધતિ વિકસાવી હતી અને માનવજાતિને પૂર્ણયોગરૂપી ભેટ આપી હતી. હજુ પણ અગાઉના યોગોની અમુક પદ્ધતિઓ એવો મજબૂત આધાર પૂરો પાડવામાં સહાય કરે જ છે, જે આધાર ઉપર શ્રી અરવિન્દ દ્વારા પ્રબોધિત મહત્તર યોગને વિકસાવી શકાય એમ છે. આશ્રમજીવનના શરૂઆતના સમયગાળામાં શ્રી માતાજીએ વર્ગોમાં ધમ્મપદના અમુક વિભાગોનું વિવરણ કર્યું હતું તે માત્ર યોગાનુયોગ જ ન હતો. અલબત્ત, સર્વ આધ્યાત્મિક તત્ત્વદર્શનો બાબતે જે થતું હોય છે (અર્થનો અનર્થ થતો હોય છે) તે બુદ્ધ દર્શન બાબતે પણ થયું અને સમય જતાં એ દર્શન વિધવિધ રંગો ધારણ કરતું રહ્યું છે, એનાં ખોટાં અર્થઘટનો પણ થયાં છે. આ વિચાર સહિત પ્રાજ્ઞ અને સમર્થ બુદ્ધે જે ઉમદા સત્યો ગતિયુક્ત કર્યાં છે તે સત્યોને અમે આ અંક અર્પણ કરીએ છીએ.

# બુદ્ધ

પૂર્ણ માનવ, સિદ્ધ પુરુષ, બુદ્ધ વૈશ્વિક બને છે, સર્વ સ્વરૂપોને કરુણા અને એકતામાં પોતાના આશ્લેષમાં લે છે, પોતાને અન્યની અંદર જુએ છે – જે રીતે તે પોતાની અંદર જુએ છે એ જ રીતે. અને એમ કરીને સાથોસાથ વૈશ્વિક ઊર્જાની અનંત શક્તિમાંનું કંઈક પોતાની અંદર સમાવી લે છે. એ જ છે ભારતીય સંસ્કૃતિનો નિશ્ચિત આદર્શ.

*

માણસોના દુઃખો પરત્વે શોકગ્રસ્ત થઈ એ દુઃખો દૂર કરવાનો પ્રબળ ભાવ અનુભવવો એને કરુણા કહેવાય છે. અન્યોનાં દુઃખો વિશે વિચાર કરતાં કે એ દુઃખોને જોતાં નિઃસહાય નિર્બળતાની લાગણી અનુભવવી એને દયાભાવ કહેવામાં આવે છે. નિર્બળ નિસહાયતાની લાગણી એ કરુણા નથી. કરુણા એ બળવાનોની રીત છે, દયાભાવ એ નિર્બળની રીત છે. કરુણાથી અસર પામી ભગવાન બુદ્ધે પોતાની પત્ની, બાળક, મા બાપ અને સગાસંબંધીઓનો ત્યાગ કર્યો હતો... અને વિશ્વનાં દુઃખો દૂર કરવા તેઓ ચાલી નીકળ્યા હતા. ઉત્કટ કરુણાથી પાગલ બનીને કાલી વિશ્વોમાં રાક્ષસોનો સંહાર કરવા નીકળી પડ્યાં હતાં અને સર્વને દુઃખમુક્ત કરવા રાક્ષસોના રૂધિરથી તેમણે પૃથ્વીને તરબોળ કરી દીધી હતી. (CWSA : 9 P. 153)

*

સત્ત્વમાંથી પસાર થવાનો માર્ગ એ યોગનો સાધારણ ખ્યાલ છે, એ છે પતંજલિના યમનિયમ દ્વારા કરવામાં આવતી તૈયારી અને શુદ્ધિકરણ, અથવા અન્ય સાધનો દ્વારા કરવામાં આવતી તૈયારી, દા.ત. ભક્તિમાર્ગમાં કેળવવામાં આવતી સ્થિરતા, બૌદ્ધ ધર્મમાં અનુસરવામાં આવતો અષ્ટાંગ યોગ... વગેરે વગેરે...

આપણા યોગમાં સત્ત્વ દ્વારા થતી ઉત્ક્રાંતિને સ્થાને સમતાનો વિકાસ તથા ચૈત્ય રૂપાંતર ઉપર ભાર મૂકવામાં આવે છે. (CWSA : 28 : 424)

*

## બુદ્ધ અવતાર તરીકે

અવતારનો જો વિકાસક્રમની સાથે કાંઈ જ સંબંધ ન હોય તો પછી એનો કાંઈ અર્થ રહેતો નથી. હિંદુ ધર્મમાં દશ અવતારની જે હારમાળા આવેલી છે એ પોતે જ જાણે કે વિકાસક્રમની એક વાર્તા છે. પહેલો તે મત્સ્ય અવતાર છે, એ પછી પાણી અને જમીન બંને ઉપર ગતિ કરતું ઉભયચારિ પ્રાણી આવે છે - કૂર્મ અવતાર. એ પછી જમીન પરનું પ્રાણી આવે છે. એ પછી માણસ અને પશુ એ વચ્ચેનું સંધાન કરતો નર-સિંહ અવતાર આવે છે. પછી આવે છે વામન

રૂપનો માનવ, નાનકડો અવિકસિત, સ્થૂલ દેહધારી, છતાં એ પોતામાં પ્રભુને ધારણ કરતો હોય છે અને જીવનનો સ્વામી બનતો હોય છે. એ પછી રાજસિક, સાત્ત્વિક અને નિર્ગુણ રીતના અવતારો આવે છે અને તે માનવના વિકાસક્રમને પ્રાણમય રાજસિક મનુષ્યમાંથી સાત્ત્વિક મનોમય મનુષ્યમાં પહોંચાડે છે અને ત્યાંથી અધિમાનસ સ્વરૂપના પરમ માનવમાં લઈ જાય છે. કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ તે આ છેલ્લી ત્રણ કક્ષાઓના, આધ્યાત્મિક વિકાસની કક્ષાઓના પ્રતિનિધિ છે. કૃષ્ણ આવીને અધિમનસની શક્યતાઓને ખોલી આપે છે. બુદ્ધ તેથી પણ આગળ વધીને પરમ મુક્તિમાં પહોંચવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એ મુક્તિ હજી નકારાત્મક રીતની છે, એમાં વિકાસક્રમને ભાવાત્મક રીતે પૂર્ણ કરવાને માટે પૃથ્વી ઉપર આવવાનું બનતું નથી. આ ક્ષતિને કલ્કિ પૃથ્વી ઉપર પ્રભુનું રાજ્ય લઈ આવીને તથા વિરોધી આસુરી બળોનો સંહાર કરીને પૂરી કરી આપવાના છે. આમ, આ પ્રગતિરૂપ ક્રમ બહુ ધ્યાન ખેંચે તેવો અને અસંદિગ્ધ રીતનો જ છે.

*

કૃષ્ણ પોતાના સાક્ષાત્કારના બે પાસાંઓ – સ્થિર અને ગતિશીલ વડે અધિમનસની શક્યતાને ખોલી આપે છે.... બુદ્ધે મનમાંથી સીધા નિર્વાણ પરત્વે જઈ પરમમાં પહોંચવાનો પ્રયત્ન કર્યો અને એમના પછી શંકરે એ જ કાર્ય અન્ય રીતે કર્યું. બંને અન્ય અવસ્થાઓને અતિક્રમી જઈ નામ અને રૂપથી પર કેવલને પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા બાબતે સહમત હતા. જ્યારે કૃષ્ણ ઉત્ક્રાંતિની સામાન્ય પ્રક્રિયા દ્વારા દોરી રહ્યા હતા. હવે પછીનું સહજ સોપાન છે અતિમાનસ, નિરાકાર કેવલ નહિ. મને લાગે છે બુદ્ધ અને શંકરે સીધો કૂદકો લગાવવાનો પ્રયત્ન કરી ભૂલ કરી હતી. મુક્તિની સક્રિય બાજુને એમણે કાપી નાખી હતી. અને માટે જ કલ્કિ દ્વારા એ ભૂલ સુધારવી જ પડશે. (CWSA 28 : 487-88)

*

## બુદ્ધનો ત્યાગ

એક આત્મનું દર્શન બધા મતભેદોને દૂર કરી દે છે; અનંત શાંતિ, અનંત પ્રેમ, અનંત ઉદારતા, અનંત સહનશીલતા, જે બળવાન આત્માએ પ્રભુદર્શન કર્યું છે તેની સહજ પ્રકૃતિ બની રહે છે. પાપ, ડાઘ, રોગ, જગતની ગંદગી એ મહાત્માના મનને દૂષિત કરી શકે નહિ. એમની કરુણાને અટકાવી શકે નહિ. પાપી, જે નરકના ઢગલામાં આળોટતો હોય છે તેને ઉઠાવવા એ મહાપુરુષ નીચો નમે છે ત્યારે એના પોતાના હાથ વિષ્ટાથી ખરડાશે એનાથી એ ભય પામતો નથી, એનાં ચક્ષુઓમાં અશ્રુઓ ઊભરાતાં નથી. દુઃખ અનુભવતી અને ચીસો પાડતી વ્યક્તિને એના દુઃખની ગર્તામાંથી એ બહાર ખેંચી કાઢે છે ત્યારે એ એક પિતા જે રીતે કાદવમાં ખૂંપેલા ને રૂદન કરતા પોતાના બાળકને ઊંચકી લેતા હોય છે તે જ પ્રમાણે એ પતિતને ઊંચકી લેતા હોય છે...

...આવો આત્મા પ્રભુ બન્યો હોય છે, સમર્થ અને પ્રેમાળ જે સહાય કરે છે, ઉગારે છે; એ

રડીને માનવઅશ્રુઓના સાગરમાં વૃદ્ધિ કરતો નબળો પુરુષ હોતો નથી. બુદ્ધે જ્યારે જગતનાં દુઃખો જોયાં ત્યારે તેમણે રૂદન કર્યું ન હતું. તેઓ તો જગતને ઉગારવાના કાર્યમાં આગળ વધ્યા હતા. આવો આત્મા બાહ્ય જગત એના બાહ્ય સ્વરૂપને જે ફટકાઓ આપે છે તેનો શોક નિશ્ચિતપણે કરતો હોતો નથી... એ પોતાને માટે શોક કે દિલગીરીની લાગણી અનુભવી શકે જ નહિ; કારણ એને સમગ્ર જગતને શોકમાંથી મુક્ત કરવાનું હોય છે. એને માટે પોતાનું સુખ બિલકુલ મહત્ત્વનું હોતુ જ નથી. કારણ, એ સમગ્ર વિશ્વના સુખનો સ્વામી હોય છે.

(CWSA 17 : 146)

*

## બૌદ્ધ ધર્મમાં સર્જનાત્મક આવેગ

બૌદ્ધ ધર્મ જાતે, એનું તત્ત્વજ્ઞાન, જેણે પ્રથમ જીવનનાં મૂલ્યે પ્રતિ શંકા સેવી હતી, તે એણે પોતાના બુદ્ધિગમ્ય વલણમાં સેવી હતી. એના સક્રિય ભાગોમાં, એની નીતિમય પ્રણાલીમાં અને આધ્યાત્મિક પદ્ધતિમાં તો એણે નૂતનો મૂલ્યો આપ્યાં હતાં. એક સખત ઉત્સાહ, છતાં માનવ જીવનનો સૌમ્ય આદર્શવાદ એણે આપ્યો એટલે જ બૌદ્ધ ધર્મ કળાઓમાં, જીવનનું અર્થઘટન કરતી કળાઓમાં તથા સમાજમાં અને રાજ્યકારભારમાં અસરકારક રીતે સર્જનાત્મક રહ્યો છે. આત્માના સત્યને અંતરથી આત્મસાત્ કરવું અને એના દ્વારા જીવનનું પુનર્ગઠન કરવું એ ભારતીય મનનું મૂળનું વલણ રહેલું છે. અને તેના સર્વ સમયે, આરોગ્ય, મહત્તા અને ઉત્સાહના સમયગાળાઓમાં ભારતીય મને એના એ વલણ પરત્વે જ પાછા ફરવું જોઈએ.

*

બૌદ્ધ ધર્મ એ નિર્વાણ, અભાવ, કર્મની જુલમી વ્યર્થતા અને એના લયનું વાદળછાયું ઊર્ધ્વીકરણ માત્ર ન હતું. બૌદ્ધ ધર્મે પૃથ્વી પરના માનવ જીવન માટે એક મહાન અને અસરકારક શિસ્ત પણ આપી છે. સમાજ અને નીતિમત્તા ઉપર એણે કરેલી પ્રચંડ અસર, કળાને તથા વિચારને એણે આપેલો સર્જનાત્મક આવેગ અને સાહિત્યને થોડા ઓછા પ્રમાણમાં એણે કરેલી અસર આ સર્વ એ ધર્મની પદ્ધતિમાં રહેલી જીવનશક્તિ, જોમના પૂરતા પુરાવાઓ છે.

(CWSA 20 : 239)

*બૌદ્ધ ધર્મે નિઃશંક દેશને માટે ઘણું સારું કાર્ય કર્યું છે. છતાં સર્વસ્થળે સન્યાસના એણે કરેલા ફેલાવાને લઈને ક્ષત્રિયોએ પોતાનું નિયત કાર્ય ત્યજી દીધું એટલે દેશનું નુકસાન પણ બૌદ્ધ ધર્મે ઘણું કર્યું. અને એમ છેવટે એ ધર્મ જાતે જ દેશનિકાલ થઈ ગયો. નૂતન યુગમાં નૂતન વ્યવસ્થાએ આ ભૂલનું પુનરાવર્તન ન જ કરવું જોઈએ.*

**શ્રી અરવિન્દ**

(CWSA 9 : 82-83)



**ભારત આવતાં પહેલાં જ શ્રી માતાજી બૌદ્ધ યોગ તેમ જ ગીતાના યોગમાં પારંગત હતાં. શ્રી માતાજીનો યોગ એક ભવ્ય સમન્વય પ્રતિ આગળ ધપી રહ્યો હતો. એના પછી તેઓ અહીં, ભારતમાં આવે તે સ્વાભાવિક હતું. મારા યોગને સાકાર સ્વરૂપ આપવામાં શ્રી માતાજીએ મદદ કરી હતી અને કરી પણ રહ્યાં છે. એમના સહકાર વિના આ કાર્ય શક્ય બન્યું ન હોત.**

**આ યોગમાંના બે મહાન સોપાનોમાંનું એક સોપાન છે : શ્રી માતાજીનું શરણ સ્વીકારવું.**[૧] (CWSA 32 : 36)

(૧) પછીથી જ્યારે શ્રી અરવિન્દને એમ પૂછવામાં આવ્યું હતું કે બીજું સોપાન કયું છે, ત્યારે શ્રી અરવિન્દે જણાવ્યું હતું : દિવ્ય જીવન માટેની સાધકની અભીપ્સા.

## નિર્વાણ એટલે શું ?

તો પછી નિર્વાણ શું છે? ચુસ્ત બૌદ્ધ ધર્મમાં તેનો અર્થ વિલીનીકરણ થાય, આત્માનું વિલીનીકરણ નહિ – કારણ કે તે અસ્તિત્વ ધરાવતો જ નથી – પરંતુ એક મનોમય સંયોજનનો લય અથવા સંસ્કારોના પ્રવાહનો ક્ષય અથવા જેને આપણે આપણી જાત તરીકે ઓળખીએ છીએ તેવા સંસ્કારોનો લય છે. માયાવાદી વેદાન્તમાં તેનો અર્થ એવો થાય છે કે તે એક લય નથી પરંતુ માયાવી અને અવાસ્તવિક વ્યક્તિગત આત્માનું અદૃશ્ય થવું અને પરમ આત્મતત્ત્વમાં અથવા બ્રહ્મમાં મિલન થવું; આપણામાં જે એક અલગ વ્યક્તિતાનો ખ્યાલ તથા અનુભવ છે તે અદૃશ્ય થઇ જાય છે અને અટકી જાય છે – આપણે એમ કહી શકીએ કે એક અસત્ય પ્રકાશ, સાચા પ્રકાશમાં બુઝાઈ જાય છે (નિર્વાણ) – આધ્યાત્મિક અનુભૂતિમાં કેટલીક વખત નિર્વાણ એટલે, એક અલગ વ્યક્તિત્વની ભાવનાને બદલે, અમર્યાદ વૈશ્વિક ચેતનાની સાથે એકરૂપ થવું; જે વસ્તુ વ્યક્તિતા હતી, તે એક વૈશ્વિક ચેતના અને વૈશ્વિક શક્તિ તથા કાર્ય માટેનું ફક્ત એક કેન્દ્ર રહે છે. અથવા તે ચેતનાના પ્રવાહ માટેની એક નહેર બની રહે છે. અથવા તે એવી અનુભૂતિ હોઈ શકે જેમાં વ્યક્તિતા નાશ પામે છે અને તેની જગાએ એક પરાત્પરના સ્વરૂપમાં અથવા તેની ચેતનામાં ભળી જાય છે અને પછીથી તેમાં વિશ્વમય ચેતના યા તો વ્યક્તિગત ચેતના બન્નેમાંથી એક પણ રહેતી નથી અથવા તો તે એટલી બધી પરમોચ્ચ ચેતનામાં પહોંચી જાય છે જે વૈશ્વિક કાર્ય વિશે સભાન હોય છે અને તેને ટેકો પણ આપે છે. પરંતુ આપણે વ્યક્તિ એટલે શું સમજીએ છીએ ? આપણે સાધારણ રીતે જેને વ્યક્તિ તરીકે ઓળખીએ છીએ તે એક સ્વાભાવિક અહમ્ હોય છે અને તે પ્રકૃતિએ યોજેલી એક યોજના છે જેને લઈને તે મન અને શરીરમાં પોતાના કાર્યને ધારણ કરી રહી છે, નહિ તો પછી પૂર્ણ મુક્તિ કોઈ રીતે શકય નથી. વ્યક્તિગત આત્મા એક આધ્યાત્મિક સ્વરૂપ છે જેનું પરમાત્માના શાશ્વત અંશ તરીકે વર્ણન કરવામાં આવ્યું છે; પરંતુ તેનું વર્ણન એ રીતે પણ થઈ શકે કે તે પરમાત્મા પોતે જ છે અને અનેક રીતે તેમણે જે આવિર્ભાવો કરેલા છે તેમને ટેકો આપી રહેલા છે. આ વસ્તુ જ સાચી આધ્યાત્મિક વ્યક્તિ છે અને જ્યારે આપણે આપણા અહંકારમાંથી અથવા એક અલગ પાડતી વ્યક્તિતાની અસત્ય ભાવનામાંથી મુક્ત થઈએ છીએ, ત્યારે જ તે દેખાય છે. ત્યાર પછીથી આપણે પરાત્પરની સાથેના તથા વૈશ્વિક પરમાત્મા અને સર્વ પ્રાણીઓ સાથેના આપણા તાદાત્મ્યનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. આ વસ્તુ દિવ્ય જીવનને શક્ય બનાવે છે. નિર્વાણ તેના તરફનું એક પગથિયું છે; આપણા સાચા શાશ્વત સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે તેમ જ તેમાં જીવન ધારણ કરવા માટે, આપણી અહંકારયુક્ત અલગ વ્યક્તિતાનું વિલીનીકરણ એ એક અનિવાર્ય શરત છે. પરંતુ આ વસ્તુ આપણે આ જગતમાં અને જીવનમાં કરી શકીએ.

(યોગ વિશે પત્રો, ભાગ – ૧ – પૃ. ૫૧–૫૨)

## બુદ્ધનું નિર્વાણ

બુદ્ધનું નિર્વાણ અને અદ્વૈતમતવાદીઓનો મોક્ષ એ એક જ વસ્તુ છે. એ એવા સાક્ષાત્કારને

મળતા આવે છે જેમાં વ્યક્તિ પોતાને અમુક નામ કે રૂપ વાળી વ્યક્તિતા તરીકે ઓળખતી નથી. એમાં વ્યક્તિ પોતાને અનંત, શાશ્વત સ્વરૂપ-જે અવકાશહીન (અવકાશમાં હોવા છતાં), કાળાતીત (કાળમાં હોવા છતાં) અનુભવે છે. ધ્યાન રાખો કે એ અવસ્થામાં વ્યક્તિ પૂર્ણપણે પોતાનાં કાર્યો સારી રીતે કરી શકે છે અને આ અવસ્થા તે માત્ર સમાધિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે એવું નથી.

*

બુદ્ધનું નિર્વાણ અને ગીતામાં વર્ણવેલું નિર્વાણ એ એકસમાન છે. ગીતા એનું વર્ણન 'બ્રહ્મમાં નિર્વાણ' એ રીતે કરે છે, જ્યારે બુદ્ધે એને કોઈ નામ આપ્યું નથી અને એ નિર્વાણ કઈ રીતે થાય છે તે વિશે બુદ્ધે કશું પણ જણાવ્યું નથી. (CWSA 29 : 429, 439)

*

## શ્રી અરવિન્દ અને નિર્વાણ

નિર્વાણમાં પહોંચવું તે મારા પોતાના યોગનું પ્રથમ મૌલિક પરિણામ હતું. તેણે મને ઓચિંતા ઉપરની પરિસ્થિતિમાં ઊંચકી લીધો અને તેને માટે કોઈ વિચાર ન હતો અથવા તેને કોઈ મનોમય કે પ્રાણમય ગતિ ટેકો આપતી નહોતી; તેમાં કોઈ અહંકાર પણ નહોતો તેમ જ વાસ્તવિક જગત પણ નહોતું – જ્યારે માણસ અચલ ઇન્દ્રિયો દ્વારા નજર કરે છે ત્યારે તેને કોઈ એવી વસ્તુનું જ્ઞાન થાય છે જે તેની કેવળ નીરવતામાં ખાલી રૂપોને, જેમનામાં કોઈ સાચો પદાર્થ ન હોય એવી ભૌતિક બનેલી છાયાઓને ધારણ કરતું હતું. તેમાં કોઈ એક અથવા અનેક પણ નહોતાં. કેવળ ફક્ત તે – નિરાકાર, નિરંજન, કેવળ સત્-અવ્યાખ્યેય, અચિંતનીય નિરપેક્ષ તત્ત્વ હતું અને તેમ છતાં તે પરમ વાસ્તવિક અને કેવળ સત્ય હતું. આ કોઈ મનોમય સાક્ષાત્કાર ન હતો અથવા કોઈ ઊર્ધ્વમાં થયેલી ઝાંખી પણ નહોતી – કેવળ અમૂર્તતા પણ નહોતી – તે હકારાત્મક વસ્તુ હતી. કેવળ ભાવાત્મક વાસ્તવિકતા – જો કે તે અવકાશમાં આવેલું કોઈ ભૌતિક જગત ન હતું, જે બધામાં વ્યાપેલું અને સમાવેશ કરતું અથવા બધાને પોતાના પૂરમાં વહાવી દેતું અને ડુબાડી દેતું એવું આ ભૌતિક જગતનું દૃશ્ય નહોતું. તે તત્ત્વ પોતાના સિવાય બીજા કોઈ અવકાશ માટે અથવા વાસ્તવિક્તા માટે જગા રાખતું નહોતું અને પોતાના સિવાય બીજી કોઈ વસ્તુને વાસ્તવિક ભાવાત્મક અથવા અર્થવિહીન રાખતું નહિ. હું એમ નથી કહી શકતો કે તે અનુભૂતિ જે રીતે આવી તે મને અદ્ભુત, આહ્લાદક અથવા ઉત્સાહથી ભરી દેનારી લાગી હતી – (કારણ કે મને ત્યાર પછી વર્ષો પછી એક અનિર્વચનીય આનંદની અનુભૂતિ થયેલી) – પરંતુ તેણે એક અનિર્વચનીય શાંતિનું મારામાં સ્થાપન કર્યું; એક પ્રચંડ નિર્વાણનું, એક મુક્ત અને અનંત સ્વતંત્રતાની અનુભૂતિ મને થઈ. આ નિર્વાણમાં હું ચોવીસે કલાક રહેતો થઈ ગયેલો, જ્યાં સુધી બીજી વસ્તુઓને તે પોતાની અંદર પ્રવેશ કરાવીને તેના પોતાનામાં કોઈ ફેરફાર કરાવતું ન હતું ત્યાં સુધી અંતરમાં, હૃદયમાં, તે અનુભૂતિ રહેલી અને તેની કાયમ સતત સ્મૃતિ રહેલી અને તેની પાછા ફરવાની શક્તિ તે અવસ્થામાં કાયમ

રહેતી. ત્યાર પછી છેવટે તેની અદૃશ્ય થવાની શરૂઆત થઈ અને ઊર્ધ્વમાંથી આવતી મહત્તર પરા-ચેતનામાં તે અદૃશ્ય થઈ ગઈ. પરંતુ તે દરમિયાન એક પછી એક સાક્ષાત્કારો આ મૂળભૂત અનુભૂતિ સાથે અંદર ભળવા લાગ્યા. પહેલાંની અવસ્થામાં જગતનું જે મિથ્યા સ્વરૂપનું પાસું હતું* તેની જગાએ એક એવી સ્થિતિ આવી જેમાં મિથ્યાત્વ એક એવો નાનકડો સપાટી ઉપરનો બનાવ હતો અને તેની પાછળ ભવ્ય દિવ્ય વાસ્તવિક્તા હતી અને એક પરમ દિવ્ય સત્-તત્ત્વ તેની પાછળ હતું. જે વસ્તુઓ ફક્ત ચલચિત્રની માફક આકારો ધારણ કરતી હતી અને છાયાઓ જેવી લાગતી હતી તે દરેક વસ્તુના હાર્દમાં એક પ્રચંડ વાસ્તવિક્તા હતી. અને આ વસ્તુ ઇન્દ્રિયોમાં ફરીથી થયેલું કારાગારનું પતન નહોતું, તેમ જ પરમ અનુભૂતિમાંથી પણ પતન નહોતું અથવા અનુભૂતિનો ઘટાડો પણ નહોતો; પરંતુ તે એક સત્યનું સતત આરોહણ અને વિશાળતા હતાં; આત્મા આ બધી વસ્તુઓને નિહાળતો હતો અને નહિ કે ઇન્દ્રિયો. એક અનંત તત્ત્વમાં શાંતિ, મુક્તિ અને નીરવતા કાયમ રહેતી હતી અને તે અનુભૂતિમાં જગત અથવા બધા જગતો પ્રભુની કાલાતીત શાશ્વતતામાં એક સતત ચાલુ ઘટના હતી.

(CWSA 35 : 249-50)

*

**આ યોગનો સાક્ષાત્કાર નિર્વાણ કે નિર્વિકલ્પ સમાધિથી ઊતરતી કક્ષાનો નહિ પણ ઉચ્ચતર કક્ષાનો છે.**

(CWSA 35 : 249-50) **શ્રી અરવિન્દ**

***વિશ્વની ઉત્પત્તિ તેમ જ એના વિનાશ અંગેના કોઈ પણ તત્ત્વમીમાંસાને લગતા પ્રશ્નનો જવાબ આપવાનો બુદ્ધ સ્પષ્ટ ઇનકાર એમ જણાવીને કરતા હતા કે એક જ વસ્તુ મહત્ત્વની છે : માર્ગ ઉપર પ્રગતિ કરવી, એટલે કે આંતરિક રીતે પોતાની જાતનું શુદ્ધિકરણ કરવું અને પોતાની અંદર રહેલી સર્વ અહંકારી કામનાનો વિનાશ કરવો.***

(CWM 2 : 88) **શ્રી માતાજી**

---

* હકીકતમાં તે એવા અર્થમાં નથી કે ચેતના ઉપર કોઇ પાયાવિહીન અને અવાસ્તવિક વસ્તુને લાદવામાં આવેલી હોય, પરંતુ સચેતન મન અને ઇન્દ્રિયો વડે થયેલી એ વિકૃત રજૂઆત હોય છે તથા આવિર્ભાવ પામેલા અસ્તિત્વનો અસત્ય રીતનો દુરુપયોગ હોય છે.

# બૌદ્ધ માર્ગ

## બુદ્ધ અને બૌદ્ધ માર્ગ

બુદ્ધ જગતથી દૂર એકાંતમાં ચાલ્યા ગયા, ધ્યાનમગ્ન થયા અને તેમણે પાર્થિવ દુઃખો અને યાતનાઓમાંથી, — વ્યાધિ, મૃત્યુ, કામના, પાપ અને ક્ષુધામાંથી મુક્તિનો માર્ગ શોધી કાઢ્યો. એમણે પોતે એક સત્યનું દર્શન કર્યું અને પોતાની આજુબાજુ ભેગા થયેલા શિષ્યોને અને અનુયાયીઓને તે સત્ય આપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમણે દેહત્યાગ કર્યો તે પૂર્વે પણ એમના બોધમાં અવળા અર્થ અને વિકૃતિઓ દાખલ થઈ ગઈ હતી. એમના મરણ પછી જ એક સંપૂર્ણ વિકસિત 'ધર્મ' તરીકે બૌદ્ધ ધર્મે દેખા દીધી. બુદ્ધે જે બોધ આપ્યો કહેવાય છે તેના ઉપર અને બીજાઓએ તે બોધના માની લીધેલા અર્થ ઉપર એ ધર્મ રચાયેલો છે. પરંતુ ત્યાં પણ થોડા જ વખતમાં તેમના શિષ્યો તથા શિષ્યોના શિષ્યો, ગુરુએ શો બોધ આપ્યો હતો, તથા તેમના બોધનો શો અર્થ છે તે વિશે એકમત થઈ શક્યા નહિ અને મૂળ ધર્મમાંથી સંખ્યાબંધ મતમતાંતરોનાં જૂથ જામી ગયાં, જેવાં કે 'હીનયાન' — દક્ષિણનો માર્ગ. 'મહાયાન' — ઉત્તરનો માર્ગ અને પૂર્વનો માર્ગ અને તેના અનેક ફાંટાઓ. તેમાંનો દરેક સંપ્રદાય બુદ્ધનાં મૂળ વિશુદ્ધ મંતવ્યોને માનનાર પોતે એકલો જ છે એમ જાહેર કરે છે.

ખ્રિસ્તી ધર્મની પણ એવી જ દશા થઈ છે. એમાં પણ મૂળ ધર્મમાંથી અસંખ્ય નાનાં ચર્ચો અને સંપ્રદાયો નીકળ્યાં. ઘણી વાર એમ કહેવામાં આવે છે કે જીસસ ક્રાઈસ્ટ જો પાછા પૃથ્વી પર આવે તો તેમના બોધ ઉપર ખ્રિસ્તી ધર્મનાં જે સ્વરૂપો ચડાવવામાં આવ્યાં છે તેમાં તે પોતાના જ બોધને નહિ ઓળખી શકે. વળી ગૌતમ બુદ્ધ પણ જો પાછા આવે અને તેમના બોધની જે દશા કરવામાં આવી છે તે જુએ તો પણ હતાશ થઈને તુરત જ પાછા નિર્વાણ ભણી ચાલ્યા જાય ! આમ બધાય ધર્મની એક જ જાતની કથા છે. જગતમાં કોઈ મહાન ગુરુ વા પયગંબર પ્રગટે છે. તેની આસપાસ કોઈ ધર્મ રચાય છે. પેલી વ્યક્તિ આવે છે. તે પોતે કોઈ દિવ્ય સત્યનો અવતાર તો હોય છે જ અને તેનો તે પ્રકાશ કરી જાય છે. પરંતુ માણસો તે સત્યનો કબજો લઈ લે છે, તેનો વેપાર આદરે છે. અને તેમાંથી લગભગ રાજકીય કહેવાય એવું તંત્ર ઊભું કરી દે છે. માણસો ધર્મને નીતિ-નિયમો, સિદ્ધાંતો, મંતવ્યો, વિધિઓ, નિયમો અને ક્રિયાઓ વગેરે વાળી એક સરકારથી સજ્જ કરી દે છે અને એ ધર્મના જે અનુયાયીઓ હોય તેમને માટે એ બધું બંધનકર્તા બની રહે છે. એની સામે કશો વિરોધ કરી શકાય તેમ રહેતું નથી. રાજ્યની પેઠે ધર્મ પણ પોતાના વફાદાર અનુયાયીઓને ઇનામ આપે છે, અને જેઓ આડે માર્ગે જાય છે, અથવા તો તેની સામે બળવો કરે છે, યા તો જેઓ તેના વાડામાંથી નાસી છૂટે છે, કે પ્રભુનિંદ હોય છે તેમને તે શિક્ષા પણ કરે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૮૪)

**શ્રી માતાજી**

## વિધવિધ પ્રકારના બૌદ્ધ માર્ગ

બૌદ્ધ માર્ગ અનેક પ્રકારના છે અને શૂન્યવાદી એ છે માત્ર એક પ્રકાર. મોટા ભાગના બૌદ્ધ માર્ગ કાયમી તત્ત્વ તે કર્મ અને સંસ્કારના સર્જનથી પર છે એ સત્યનો સ્વીકાર કરે છે. શૂન્યવાદીનું શૂન્ય પણ લીઓત્સેનું તાઓ, જે શૂન્ય છે અને જે સર્વ છે એ રીતે એનું વર્ણન કરવામાં આવેલું છે. એટલે ઊર્ધ્વતર — 'મનોમયથી પર' — અવસ્થાનો એમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. જે અવસ્થાને પામવાનો પ્રયત્ન સાધક ચેતનાની પ્રબળ શિસ્ત — જેને આધ્યાત્મિકતા કહી શકાય — દ્વારા કરતો હોય છે. (CWSA 29 : 433)

**શ્રી અરવિન્દ**


*

## બૌદ્ધ માર્ગના પ્રકારો

**બાળક :** 'Little Vehicle' અને 'Great Vehicle' એ શું વસ્તુઓ છે ?

**શ્રી માતાજી :** એ શબ્દો બૌદ્ધ ધર્મના છે. મૂળ પાલી ભાષામાંના 'હીનયાન' અને 'મહાયાન' શબ્દોનું એ ભાષાંતર હોય એમ મને લાગે છે. એમ કહેવાય છે કે ઉત્તરનો ધર્મ મહાયાન છે અને દક્ષિણનો ધર્મ હીનયાન છે. બુદ્ધનાં જે કથનો સચવાઈ રહેલાં છે, અથવા જેમને સચવાઈ રહેલાં કથનો માનવામાં આવે છે તેમનું હીનયાન પંથમાં કડક રીતે પાલન કરવામાં આવે છે.

તમને ખબર હશે કે બુદ્ધ એમ કહેતા કે ઈશ્વર જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ નથી; 'હું' ભાવ સતત ટકી રહેલો નથી; અહીં આવી સાકાર થઈ શકે તેવાં ઊર્ધ્વનાં જગતોનાં સત્ત્વોનું અસ્તિત્વ નથી; આ નથી, તે નથી.... એમણે લગભગ દરેક શક્ય વસ્તુના અસ્તિત્વનો ઇન્કાર કરેલો છે. દક્ષિણનો હીનયાન પંથ એવો છે, તદ્દન શૂન્યવાદી, એમાં હરેક વસ્તુ માટે નથી, નથી, નથી એમ કહેવામાં આવે છે. એથી ઊલટું ઉત્તરનો પંથ, જેનું તિબેટમાં અનુસરણ કરવામાં આવે છે અને જે તિબેટમાંથી ચીનમાં અને ચીનથી જાપાનમાં ફેલાયો છે તેમાં બોદ્ધિસત્ત્વોની વાર્તાઓ આવે છે (આ બોધિસત્ત્વો બીજા ધર્મોમાં જેમને સંત મહાત્માઓ કહેવામાં આવે છે તેવા હોય છે) અને પૂર્વ થઈ ગયેલા દેવો કે દેવપુરુષો જેવા બુદ્ધોની વાતો પણ આવે છે. મને ખબર નથી કે તમારામાંથી કોઈને ઉત્તરમાંના કોઈ બૌદ્ધ મંદિરની મુલાકાત લેવાની તક મળી હશે કે નહિ (મેં એવાં મંદિરો ચીન અને જાપાનમાં જોયેલાં). એ મંદિરોના ઓરડાઓમાં પ્રવેશ કરીએ તો ત્યાં આપણને અનેક બોધિસત્ત્વો, એ બોધિસત્ત્વોના શિષ્યો, પ્રકૃતિની દૈવીભૂત સર્વશક્તિઓ વગેરેની અસંખ્ય મૂર્તિઓ આવી રહેલી જણાય છે — એ દેવોની સંખ્યા આપણને ખરેખર આભા કરી દે તેટલી હોય છે ! બીજા પક્ષે, આપણે જો દક્ષિણમાં જઈએ તો ત્યાંના મંદિરોમાં કાંઈ પણ હોતું નથી, એકાદ છબી પણ નહિ. મને લાગે છે કે મહાયાન શબ્દ ઉપયોગમાં એ કારણસર લેવામાં આવ્યો હશે કે એ 'યાન'માં ઢગલા બંધ વસ્તુઓ આવી રહેલી હોય છે અને હીનયાન શબ્દ વપરાવાનું કારણ એ કે એ 'યાન'માં ઘણી ઓછી વસ્તુઓ સમાયેલી હોય છે ! એ બે શબ્દો કઈ વસ્તુમાંથી ઉત્પન્ન થયા હશે તેની મને ચોક્કસ ખબર નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : ૨૮૮)



સમતુલા અનિવાર્ય છે, સાધના માર્ગ, એકબીજાથી વિરૂદ્ધના અંતિમોને ટાળે એ પણ અનિવાર્ય છે. વધુ પડતી ઉતાવળ ખતરનાક હોય છે; અધીરાઈ તમને પ્રગતિ કરતા અટકાવે છે અને સાથોસાથ જડતા તમારા ચરણને ખેંચે છે.

માટે સર્વ વસ્તુઓ માટે બુદ્ધ જેને મધ્યમાર્ગ કહે છે તે શ્રેષ્ઠ છે.

(CWSA 8 : 285)

## ઉત્તર અને દક્ષિણ માર્ગો

**નલિનીકાન્ત :** એ વિષયમાં અનેક ગ્રંથો છે. ઉત્તરમાં એનું કથાવસ્તુ એક છે, દક્ષિણમાં એનું કથાવસ્તુ ભિન્ન છે.

**શ્રી માતાજી :** આહ ! આ તો બૌદ્ધમતના જેવું છે. દક્ષિણના લોકો અને ઉત્તરના લોકોની કલ્પના જુદી જુદી રીતની છે. દક્ષિણના લોકો જરા વધુ સ્થિતિચુસ્ત હોય છે, નહિ.... ? મને ખબર નથી, પરંતુ દક્ષિણમાંનો બૌદ્ધમત એકદમ સ્થિતિચુસ્ત છે અને તેનામાં એમના ગ્રંથોને સમજવા માટે જરૂરી એવી નમનીયતા નથી. અને એ એક ભયંકર કઠોર રીતનો બુદ્ધવાદ છે કે જેમાં કોઈ પણ પ્રકારના ઈશ્વર-તત્ત્વના ખ્યાલને ફેંકી દેવામાં આવેલો છે. આથી ઊલટું, ઉત્તરના બૌદ્ધમતમાં દેવોનાં ટોળેટોળાં છે ! એ ખરું કે એ બધા અગાઉના બુદ્ધો છે, પરંતુ એમને પણ દેવો બનાવી દેવામાં આવે છે. અને આ મતનો જ ચીનમાં પ્રસાર થયેલો અને ત્યાંથી જાપાનમાં ગયેલો. ત્યાં એક મંદિર એવું છે જેમાં એક હજાર બુદ્ધો છે. બધાની મૂર્તિઓ છે — કેન્દ્રની મૂર્તિની આસપાસ હજાર જેટલા બુદ્ધો — ચારે તરફ એ મંદિરની પાછળની આખીય દીવાલ ઉપર બુદ્ધો છવાઈ ગયેલા છે : નાના, મોટા, જાડા, પાતળા, નારીસ્વરૂપ, નટસ્વરૂપ — ત્યાં બધું જ છે, આખું યે ભરચક દેવમંડળ, અને એ બધા દેવો જેવા છે. વળી એમની નીચેની બાજુએ અનેક જાતની નાની નાની મૂર્તિઓ છે — એમાં પશુઓ પણ છે — અને એ બધા ભક્તમંડળમાં છે. એ તો.... આખું યે મૂર્તિઓનું ટોળું છે. પરંતુ દક્ષિણના બૌદ્ધમતમાં પ્રોટેસ્ટન્ટ લોકો જેવી કઠોરતા છે : કોઈ મૂર્તિ જ ન જોઈએ. અને કોઈ દિવ્ય ચેતનાનો સ્વીકાર પણ નથી. કામનાને કારણે તમે આ કામનાના જગતમાં આવો છો અને કામનાનો ત્યાગ કરો એટલે તમે જગત અને સૃષ્ટિની બહાર નિર્વાણમાં ચાલ્યા જાઓ છો — એમનું શૂન્ય પણ વધુ પડતું સઘન છે. બૌદ્ધમત પ્રમાણે કોઈ સર્જનહાર નથી. એટલે મને ખબર નથી. દક્ષિણનો બૌદ્ધ મત પાલીમાં અને ઉત્તરનો સંસ્કૃતમાં લખાયેલો છે. અને સ્વાભાવિક રીતે, તિબેટનો બૌદ્ધમત તિબેટી ભાષામાં, ચીનનો બૌદ્ધમત ચીની ભાષામાં અને જાપાનનો બૌદ્ધમત જાપાનની ભાષામાં લખાયેલો છે અને હું માનું છું કે એ દરેકમાં જુદા જુદા મતો દર્શાવેલા હશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ : ૪૫૩-૫૪)

## બુદ્ધ સાથે શ્રી માતાજીનો આંતરિક સંપર્ક

૨૦ ડિસેમ્બર ૧૯૧૭

(સાંજે ધ્યાન પછી ૫.૩૦ વાગે મળેલો સંદેશ)

'તું મારું ધ્યાન કરે છે તો આજે તને હું કંઈક કહીશ. તારા હૃદયમાં મને એક હીરો દેખાય છે. એ હીરાની ચોપાસ સોનેરી પ્રકાશ રહેલો છે. એ નિર્મળ છે, ઉષ્માભર્યો છે. વ્યક્તિથી પર બિનંગત પ્રેમને આવિર્ભાવ આપવાની એનામાં શક્તિ છે. આવી અમૂલ્ય વસ્તુ તેં શા માટે એક અંધારી દાબડીમાં પૂરી રાખી છે ? એ દાબડીને એક ઘેરી લાલ પટ્ટી છે. એનું સૌથી બહારનું પડ ઘેરા વાદળી રંગનું છે. એ દાબડીમાં પ્રકાશ નથી, એ જાણે એક અંધારપછેડી છે. તારો તેજભંડાર લોકોને બતાવતાં તું ડરતી હોય એમ લાગે છે. પણ એમ ડરવાનું કંઈ કારણ છે ખરું ?

તારો પ્રકાશ રેલવતાં શીખી લે. તોફાનોથી બીવાનું નથી. તોફાની પવન આપણને ભલે કિનારેથી દૂર દૂર ઘસડી જાય. પણ સાથેસાથે તે આપણને વિશાળ દુનિયા પણ બતાવે છે ને ? તારી કોમળ લાગણીઓને તું બહુ સંભાળી સંભાળીને વાપરવા ઇચ્છે છે ? પણ પ્રેમને પ્રેરનારું મૂળ તત્ત્વ તો અખૂટ અને અનંત છે. તને શું એવો ડર છે કે લોકો તને સમજી નહિ શકે ? પણ પ્રભુને સમજી શકે એવો કોઈ માણસ છે ખરો ? તારે માત્ર એટલું જ જોવાનું છે કે તારા દ્વારા પ્રભુનું પરમ સત્ય આવિર્ભાવ પામે છે કે નહિ ? એ સત્યને પોતાના પ્રાકટ્ય માટે તારામાં યોગ્ય કરણ મળી રહેતું હોય તો પછી તારે બીજી કઈ વસ્તુની પરવા કરવાની હોય ? મંદિરમાંથી નીકળતા એક યાત્રી જેવી તું છે. યાત્રી નીકળીને મંદિરના ઉંબર પર ઊભો છે. સામે લોકોનું ટોળું છે. યાત્રી એ લોકો આગળ પોતાને મળેલું પરમ તત્ત્વ પ્રગટ કરતાં અચકાય છે. પણ સાંભળ, એક દિવસ મારી સ્થિતિ પણ તારા જેવી જ હતી. હું પણ દિવસોના દિવસો લગી આમ અચકાયા કર્યો હતો. મારો ઉપદેશ, એ ઉપદેશનું પરિણામ કેવું હશે તે હું આગળથી જોઈ શકતો હતો. હું જાણતો હતો કે મારા શબ્દો અધૂરા છે અને માણસોની સમજશક્તિ તો તેથીયે વધુ અધૂરી છે. અને છતાંય હું પૃથ્વી તરફ, મનુષ્યો તરફ વળ્યો. જગતને મેં સંદેશ આપ્યો. 'પૃથ્વી તરફ, મનુષ્યો તરફ વળ.' શું આ જ આદેશ તને હૃદયમાં હા, તારા હૃદયમાં હંમેશાં નથી સંભળાતો ? એ હૃદયમાં જ પ્રભુનો મધુર સંદેશ મુકાયો છે, પ્રભુની કરુણાનાં યાચકો માટે. જો, હવેથી આ હીરક ઉપર કોઈ પણ વસ્તુ હુમલો કરી શકે તેમ નથી. એની રચના એવી તો પૂર્ણપણે કરવામાં આવી છે કે એનું એક અણુ પણ કોઈ બદલી શકે તેમ નથી. એમાંથી ફૂટતો કોમળ પ્રકાશ માનવહૃદયનાં કેટલાંય તત્ત્વોને પલટી શકશે. પણ તને તારી શક્તિ માટે હજી શંકા રહેતી લાગે છે, તારા અજ્ઞાનનો તને ડર લાગે છે, ખરું ને ? હા, એ શંકા, એ ભય તારી શક્તિને રૂંધી રહ્યાં છે. તારું તેજ ઘનઘોર રાત્રિના અંધાર પછેડામાં ઢંકાઈ રહ્યું છે. તું અચકાય છે. કોઈ અગમ્યના ઉંબર પર તું ઊભી હોય તેમ તું કાંપે છે. તને લાગે છે વિશ્વની મૂળ ઉત્પત્તિ જેટલી અગમ્ય છે તે કરતાંયે વધુ અગમ્ય તો આ વિશ્વનો આવિર્ભાવ છે. આ આવિર્ભાવની ક્રિયા પેલા કરતાંયે વધુ અતાગ છે, વધુ ભયજનક છે. પણ એમ હિંમત હાર્યે નહિ ચાલે. ઊઠ, કમર કસી લે. અને અંતરના આદેશને માથે ચડાવી લે. આ શબ્દો તને કોણ સંભળાવે છે તે તું જાણે છે. તું મને પહેલેથી ઓળખે છે, ચાહે છે, હું પણ તને જાણું છું, ચાહું છું. આજે હું તારાં ચક્ષુ આગળ સ્પષ્ટ રીતે પ્રગટ થયો છું. તને મારા શબ્દોમાં હવે લેશ પણ શંકા નહિ રહે. વળી, તારાં ચક્ષુ આગળ તારું હૃદય પણ મેં પ્રત્યક્ષ કરી બતાવ્યું છે. હવે તું જોઈ શકીશ કે પરમાત્માએ તારે માટે શો સંકલ્પ કર્યો છે. એ સંકલ્પમાં તારે તારો ધર્મ શોધી લેવાનો છે. આ બનવું તને હજી પણ ઘણું મુશ્કેલ લાગે છે. પણ એક દિવસ તું જોઈશ કે આ બધું સરળ રીતે બની શક્યું છે. અને તને આશ્ચર્ય થશે કે હા, સાચી વાત તો આ જ છે, પણ મને એ કેમ દેખાઈ નહોતી !' — શક્યમુનિ (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧ : ૨૪૪-૪૬)

*(અનુસંધાન પૃ. ૨૧ ઉપર)*

# બુદ્ધનાં ચક્ષુ

ભલે ઊગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુ તણાં,
ઊગ્યાં ને ખીલ્યાં ત્યાં કિરણકણી આછેરી પ્રગટી,
પ્રભા ત્યાં ફેલાઈ જગત પર દિવ્યા મુદ તણી,
હસી સૃષ્ટિ હાસે, દલ કમલનાં ફુલ્લ બનિયાં.

પ્રભો ! જન્મે જન્મે કર ધરી કંઈ શસ્ત્ર ઊતર્યા :
નખાગ્રે, દંતાગ્રે, દમન કરિયું શબ્દછળથી,
સજયું કે કોદણ્ડ, ગ્રહી પરશું, ચક્રે ચિત્ત ધર્યું,
તમે આ જન્મે તો નયનરસ લેઈ અવતર્યા.

વિધાતાનાં દીધાં નયન કરીને બંધ જગ આ
ભુજાએ ઝૂઝંતું કુટિલ મનનો આશ્રય લઈ,
પ્રભો ! આવી આપે નયન જગને અર્પણ કર્યાં,
ભમંતું અંધારે જગત નવ ચક્ષે જગવિયું.

મથ્યા લોકો ખુલ્લાં નયન કરવા બંધ પ્રભુનાં,
પૂર્યાં કિલ્લે, મ્હેલે, રમણીભુજને પિંજર વિશે;
વિદાર્યા એ બંધો, નયન ઉઘડ્યાં ચેતનભર્યાં,
ન ઊંઘ્યાં જાગેલાં, મુરછિત દગોને જગવિયાં,

ફરી ખૂણે ખૂણે જગત નીરખ્યું નેત્ર સદયે;
લહ્યું : સૃષ્ટિખાડે ખદબદી રહ્યા કીટ જગના,
જરા વ્યાધિ મૃત્યુ ત્રિવિધ વમળે ડૂબી મરતા,
અને બીજા જીવો ઉપર નભતા જીવ નીરખ્યા.

ઘૂમ્યા શાંતિ અર્થે વન વન, તપો તીવ્ર તપિયાં,
ન લાધ્યું ઇચ્છેલું, નયન ભમતાં ત્યાં વિરમિયાં;
સર્યાં ને મીંચાઈ નિજ હૃદયને સાગરતલે,
ઠરી આત્માગારે વિરલ લઈ મુક્તા ઊઘડિયાં....

હવે ના મીંચાશો નયન કદીયે જે ઊઘડિયાં,
દયાની ગંગા આ પરમ તપ અંતે ઊતરી, તે
અખંડા વ્હેતી રૂહો કઠણ તપના સિંચન થકી,
વહો ખંડે ખંડે, પ્રતિઉર વહો તમ જગને....

સુન્દરમ્

# બૌદ્ધ માર્ગ અને અન્ય યોગમાર્ગો

## આ યુગની મોટામાં મોટી મનોમય મુશ્કેલીઓમાંની એક

તે દિવસે મેં જેના વિશે તમને વાત કરી હતી તે વાક્યનો ચોક્કસ પાઠ હું લઈ આવી છું. એ વાક્ય કોઈ પત્રના પ્રત્યુત્તરમાં લખાયું હતું....

તમે જાણો છો આ મનોમય ટેવ (જેને લોકો માનસિક ચઢિયાતાપણું માની લે છે) બધી જ વસ્તુઓને એક જ કક્ષાએ એકસાથે લપેટી લેવી; બધાં તત્ત્વદર્શનો, બધા પયગમ્બરો, બધા પંથો, બધા ધર્મોને એક જ સ્તરે મૂકી દેવા. તમે એ ટેવ વિશે જાણો છો : 'અમે પૂર્વગ્રહથી પીડિત નથી, અમને પસંદગીઓ નથી. — એ બધું એક જ વસ્તુ છે.' ત્રાસદાયક ગૂંચવાડો.

આ છે, આજના યુગની મોટામાં મોટી મુશ્કેલીઓમાંની એક.

ઠીક, આ અર્થહીન બકવાસના જવાબમાં મેં જણાવ્યું છે : તમારી ભૂલ એ છે, ચોક્કસપણે એ છે કે તમે થિયોસોફિકલ સોસાયટીમાં જાવ છો, દાખલા તરીકે, જે પ્રકારની અભિમુખતા સહિત તમે ખ્રિસ્તી ધર્મ કે બૌદ્ધ ધર્મના સિદ્ધાંતને સમજવા પ્રયત્ન કરો છો ને, શ્રી અરવિન્દનાં પુસ્તકોનું વાચન એ જ પ્રકારની અભિમુખતાથી કરો છો — અને પરિણામસ્વરૂપ તમે ગૂંચવાડામાં ગરકી જાવ છો. ત્રાસદાયક ગૂંચવાડામાં પડી જાવ છો અને તમે કોઈ પણ વસ્તુ વિશે કંઈ પણ સમજતા હોતા નથી.

અને પછી મને ખૂબ જ ભારપૂર્વક જવાબ મળ્યો : કોઈ વસ્તુએ મારો કબજો લીધો અને મને લખવાની ફરજ પડી.

'વિશ્વના ઇતિહાસમાં શ્રી અરવિન્દ જેનું પ્રતિનિધિત્વ કરે છે એ નથી કોઈ તત્ત્વદર્શન, નથી એ પ્રકટીકરણ, એ છે સીધેસીધું પરમાત્મા તરફથી થતું નિર્ણાયક કાર્ય.'

આ મારું લખાણ નથી. એ ત્યાંથી (ઉપરની દિશામાંથી) આવ્યું છે. અને મને આ લખાણે ખુશ કરી દીધી છે. (Agenda : February 28, 1961)

*

## વિશ્વ વિશે ત્રણ વિભાવનાઓ

### (૧) બૌદ્ધ અને શંકરાચાર્યની.

જગત ભ્રમ છે, અજ્ઞાનનું ક્ષેત્ર છે. અને અજ્ઞાનને લીધે દુઃખનું પણ ક્ષેત્ર છે. કરવાનું જે છે તે એ કે શક્ય એટલા વહેલા આ જગતમાંથી નીકળી જવું અને મૂળ, અસ્તિત્વના અભાવમાં કે અનાવિર્ભાવમાં પહોંચી જવું.

(૨) વેદાન્તિક વિભાવના – સામાન્યતઃ પ્રચલિત છે તે.

વિશ્વ એના સત્ત્વમાં દિવ્ય છે, કારણ ઈશ્વર વિશ્વમાં સર્વવ્યાપક છે. પરંતુ એની બાહ્ય અભિવ્યક્તિ વિકૃત થયેલી છે, અસ્પષ્ટ છે, અજ્ઞાન છે, દૂષિત થયેલી છે. કરવાની વસ્તુ જે છે, એ છેઃ આંતર દિવ્યતા વિશે સભાન બનવું અને એ ચેતનામાં દઢપણે સ્થિત થવું. વિશ્વ વિશે કોઈ ચિંતા આપણે કરવાની નહિ. કારણ બાહ્ય જગત પરિવર્તન પામી શકે એમ છે જ નહિ. એ તો પોતાની અભાનતા અને અજ્ઞાનની સ્વાભાવિક અવસ્થામાં જ હંમેશાં રહેવાનું છે.

(૩) શ્રી અરવિન્દનો મત.

જગત હાલ જે રીતનું છે તે, જે દિવ્ય સર્જન બનવા એ નિર્માયું હતું તેવું નથી. એ છે દિવ્ય સર્જનની સંદિગ્ધ અને વિકૃત અભિવ્યક્તિ. એ દિવ્ય ચેતના અને દિવ્ય સંકલ્પની અભિવ્યક્તિ નથી; પરંતુ એ સર્જાયું છે દિવ્ય ચેતના અને દિવ્ય સંકલ્પની અભિવ્યક્તિ બનવા માટે. એનું સર્જન એટલા માટે કરવામાં આવ્યું છે કે તે ઈશ્વરનાં સર્વ રૂપો અને પાસાંઓ — પ્રકાશ અને જ્ઞાન, શક્તિ, પ્રેમ અને સૌન્દર્ય હેઠળ પૂર્ણ આવિર્ભાવમાં વિકાસ પામી શકે.

આ છે અમારી વિશ્વ વિશેની વિભાવના અને આ ધ્યેયને અમે અનુસરીએ છીએ.

(CWM 14 : 33) **શ્રી માતાજી**

*

## યોગના બે ધ્યેય

આપણા યોગનું ધ્યેય છે આત્મ-સિદ્ધિ, આત્મ વિલોપન નહિ.

યોગીઓને અનુસરવા માટેના બે માર્ગ છે, વિશ્વમાંથી પાછા નીકળી જવું તે (મુક્તિ) અને વિશ્વમાં પરિપૂર્ણતા. પ્રથમ માર્ગ પર સન્યાસ દ્વારા ગતિ કરી શકાય છે; બીજો માર્ગ તપસ્યા દ્વારા સિદ્ધ થાય છે. પ્રથમ માર્ગની પરિપૂર્ણતા ત્યારે સિદ્ધ થાય છે જ્યારે આપણે અસ્તિત્વમાં પ્રભુને ગુમાવી દઈએ છીએ, બીજો માર્ગ પરિપૂર્ણ થાય છે જ્યારે આપણે અસ્તિત્વમાં પ્રભુને ચરિતાર્થ કરીએ છીએ. આપણો માર્ગ તે આ પરિપૂર્ણતાનો માર્ગ બની રહો, ત્યાગનો (જીવનના) નહિ. યુદ્ધમાં વિજય એ જ બની રહે આપણું ધ્યેય, સર્વ સંઘર્ષોમાંથી નાસી છૂટવાની વૃત્તિ એ આપણું ધ્યેય હોઈ શકે નહિ.

*

બુદ્ધ અને શંકરાચાર્યે ધારી લીધું હતું કે વિશ્વ ધરમૂળથી જ ખોટું છે, દુઃખી છે. અને એટલે જ જગતમાંથી નાસી છૂટવું એમને માટે એકમાત્ર પ્રજ્ઞા હતી. પરંતુ આ વિશ્વ તે બ્રહ્મન પોતે છે, વિશ્વ પ્રભુ છે, વિશ્વ સત્ય છે, વિશ્વ આનંદ છે. મનોમય અહંકાર વડે આપણે વિશ્વને ખોટી રીતે જોઈએ છીએ એ છે જૂઠાણું. અને વિશ્વમાં પ્રભુ સાથેનો આપણો ખોટો સંબંધ એ છે : દુઃખ. આનાથી બીજું કોઈ જૂઠાણું નથી, શોકનું અન્ય કોઈ કારણ છે નહિ. (CWSA 12 : 96)

*

## બુદ્ધનો માર્ગ અને ઋષિઓનો માર્ગ

માતાજી, તો પછી ભારતની બધી જ આધ્યાત્મિક વિચારધારાઓમાં કર્મમાંથી છટકી જવાનો, નિવૃત્તિનો સિદ્ધાંત શા માટે છે ?

હા, કારણ કે આ બધાના પાયામાં એવો ઉપદેશ રહેલો છે કે જીવન એક ભ્રાન્તિ છે. તેની શરૂઆત બુદ્ધના ઉપદેશથી થઈ હતી કે જીવન એ કામનાનું ફલ છે; તે દુઃખમાંથી અને કામનામાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે, અને તે જીવનમાંથી બહાર આવી જવાનો. એ ઉપદેશ શંકર સુધી ચાલુ રહ્યો. શંકરે ઉમેર્યું કે જીવન માત્ર કામનાનું જ ફલ છે, એટલું જ નહિ, પણ તે એક પરિપૂર્ણ ભ્રાન્તિ છે. જ્યાં સુધી તમે આ ભ્રાન્તિમાં જીવો છો, ત્યાં સુધી તમે ભગવાનનો સાક્ષાત્કાર કરી શકતા નથી. શંકરને મન ભગવાન પણ ન હતા એમ મને લાગે છે, બુદ્ધને મન તો ન જ હતા.

*

દા.ત. જો આપણે ઋષિઓના ઉપદેશ પ્રત્યે પાછા જઈએ, તો તેમાં જગતમાંથી ભાગી છૂટવાનો કોઈ વિચાર નથી; તે ઋષિઓ માનતા હતા કે સાક્ષાત્કારે પાર્થિવ હોવું જોઈએ. તેમણે સુવર્ણ યુગનો ખ્યાલ બહુ સારી રીતે કર્યો હતો, જેમાં સાક્ષાત્કાર પાર્થિવ હોય. પણ દેશના આધ્યાત્મિક જીવનમાં પ્રાણશક્તિની અમુક ક્ષીણતાને કારણે એક ભિન્ન પ્રકારનું જ્ઞાન અસ્તિત્વમાં આવ્યું. જગતથી ભાગી જવાનો વિચાર ચોક્કસ બુદ્ધના ઉપદેશથી શરૂ થયો, જે વિચારે દેશની પ્રાણશક્તિનો વિનાશ કર્યો છે, કારણ કે માણસે જીવનમાંથી પોતાની જાતને કાપી નાંખવા માટે પ્રયત્ન કરવાનો રહેતો. બાહ્ય વાસ્તવિક્તા એક ભ્રાન્તિમય જૂઠાણું બની ગઈ; માણસે તેની સાથે કશી લેવા-દેવા રાખવાની ન હતી. પરિણામે સ્વાભાવિક રીતે જ માણસ વૈશ્વિક શક્તિથી વિચ્છિન્ન થઈ ગયો, પ્રાણશક્તિઓ સરતી ગઈ અને સાક્ષાત્કારની સર્વ શક્યતાઓ પણ ઓછી થતી ગઈ. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ : ૨૯૬ અને ૨૯૮)

*

## સત્ય નાસી છૂટવામાં રહેલું નથી, એ રહેલું છે રૂપાંતરમાં

શ્રી અરવિન્દ ઐતિહાસિક વ્યક્તિ નથી; તેઓ તો ઇતિહાસથી બહાર, પેલે પાર છે.

શ્રી અરવિન્દના જન્મ સુધી, ધર્મો અને આધ્યાત્મિક પંથોનું કેન્દ્ર હંમેશાં ભૂતકાળનાં સ્વરૂપોમાં રહેતું, તેઓ 'લક્ષ્ય' તરીકે પૃથ્વી ઉપરના જીવનનો ઇનકાર કરતા. એટલે તમારે બે વિકલ્પોમાંથી પસંદગી કરવાની રહેતી : કાં તો —

— આ જગતની અંદર રહેવું, તેનાં નાનાં નાનાં સુખ-દુઃખ, આનંદો અને વેદનાઓમાં ગોળ ગોળ ફર્યા કરવું, અને જો તમે યોગ્ય માર્ગે ન ચાલો તો તમારે માટે નર્કમાં જવાનો ભય ઊભો જ રહેતો, અથવા તો —

— કોઈ અન્ય જગતમાં ચાલ્યા જવું, સ્વર્ગ, નિર્વાણ, મોક્ષ....

આ બંનેમાંથી એકેય પસંદગી કરવા લાયક નથી. બંનેમાં એકસરખી બુરાઈ છે.

શ્રી અરવિન્દે આપણને કહ્યું છે કે આ એક એવી પાયાની ભૂલ હતી જેને લઈ ભારત કેમ દુર્બળ અને પતનગામી બન્યું તેનો ખ્યાલ આવે છે. બૌદ્ધમત, જૈનમત, મિથ્યાવાદ — એ બધાં, આખા યે દેશની શક્તિનો રસ ઉડાડી દે તે માટે પૂરતાં હતાં. એ ખરું કે, ભારત એ જગતમાંનો એક જ એવો દેશ છે જ્યાં હજી પણ એવી સભાનતા છે કે જડ તત્ત્વ કરતાં બીજી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે. બીજા બધા દેશો તો એ વસ્તુ ભૂલી ગયા છે : યુરોપ, અમેરિકા અને બીજે બધે.... માટે જ ભારત પાસે એક એવો આદેશ છે જે તેણે સાચવી રાખવાનો અને અન્ય સૌને પ્રબોધવાનો છે. પરંતુ અત્યારે તો એ કીચડમાં આમતેમ ભટક્યા કરે છે.

શ્રી અરવિન્દે બતાવ્યું છે કે, પાર્થિવ જીવનમાંથી ભાગી જવામાં સત્ય નથી પણ એની વચમાં રહેવામાં છે. **એનું રૂપાંતર કરવાનું છે, દિવ્ય કરવાનું છે. જો એમ થાય તો જ પ્રભુ અહીં આ ભૌતિક જગતમાં** પ્રગટ થઈ શકે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ : ૨૪૧-૪૨)

*

---

*(અનુસંધાન પૃ. ૧૬નું ચાલુ)*

શાક્યમુનિ એ બુદ્ધનું નામ છે : 'શાક્યના સંત'. બુદ્ધ જન્મથી શાક્ય વંશજ હતા એમનું કુળ 'શાક્ય' હતું. બુદ્ધના પિતા એ જ કુળના રાજા હતા.


**શ્રી અરવિન્દ** (CWSA 32 : 607)

## બુદ્ધના તત્ત્વદર્શનની ઉપયોગિતા

પ્રગતિ કરવામાં માનવજાતિને જે જે વસ્તુ મદદ કરે છે તે મદદરૂપ છે, અને તેને પ્રગતિમાં રૂકાવટ ડાલે છે તે વિરોધી રૂપ છે.

હકીકતમાં તમે આ પ્રશ્ન પૂછો છો, કારણ કે આપણે ધમ્મપદનું અધ્યયન કરીએ છીએ અને તેના પર ધ્યાન કરીએ છીએ. (કેટલાક મહીનાઓ સુધી, દર શુક્રવારે, માતાજી બાળકોના વર્ગમાં બુદ્ધ ધર્મના પવિત્ર, 'ધમ્મપદ' નામના પુસ્તકમાંથી થોડાક શ્લોકોનું વાચન કરતાં હતાં.) સ્વાભાવિક રીતે જ મેં તે પુસ્તક પસંદ કર્યું હતું, કારણ કે વિકાસના અમુક તબક્કામાં તે બહુ ઉપયોગી બની શકે તેવું છે. તેમાં તે કેટલીક ફોર્મ્યુલાઓ બહુ સુંદર રીતે સંક્ષેપમાં કહેવામાં આવી છે. જો માણસ તે ફોર્મ્યુલાઓનો ઉપયોગ લાભદાયી રીતે કરી શકે, તો તે બહુ મદદરૂપ બની શકે તેમ છે. નહિ તો મેં તે પુસ્તક પસંદ ન કર્યું હોત. એ કેટલું ઉપયોગી બનશે તેનો આધાર તો વ્યક્તિ ઉપર છે. પોતાને તેમાંથી લાભ ઉઠાવતાં આવડે છે કે નહિ, એના પર તેનો આધાર છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ : ૧૮૭-૮૮)

*



***[અશ્વપતિની સ્થિર સામર્થ્યયુક્ત સ્વસ્થ પ્રસન્નતા, કાળના ક્ષોભથી પર એવી એમની વિશાળ નિશ્ચલ દૃષ્ટિ સર્વ અનુભવોનો સામનો અચળ શાન્તિથી કરે છે. શોક અને હર્ષ પ્રત્યે અશ્વપતિ ઉદાસીન ભાવ કેળવી શકે છે. જગતની અજાયબી અને એનો સાદ એમને લલચાવી શકતા નથી. અચળપણે અશ્વપતિ વસ્તુમાત્રના પ્રવાહને નીરખી રહે છે. શાન્ત નિઃસંગ ભાવે તેઓ સમસ્ત અસ્તિત્વને ટેકો આપે છે. એમના આત્માની સ્થિરતા શ્રમસેવી જગતને સહાય કરે છે.]***

(Savitri p. 36) **શ્રી અરવિન્દ**

# ધમ્મપદમાંથી રત્નો

[ઓગસ્ટ, ૧૯૫૭થી સપ્ટેમ્બર, ૧૯૫૮ દરમિયાન સાંજના વર્ગોમાં બૌદ્ધ તત્ત્વદર્શન - ધમ્મપદ ઉપર શ્રી માતાજીએ જે ભાષ્ય કર્યું હતું તેમાંનાં અમુક તારણો અત્રે રજૂ કરીએ છીએ.]

## પોતાના મન પર નિયંત્રણ રાખવું

અત્યારના જગતમાં જેમ જણાય છે તેમ સામાન્ય માનવજીવન મનથી શાસિત થાય છે. એટલે મન પર કાબૂ મેળવવો એ સૌથી મહત્ત્વની વાત ગણાય. આ રીતે આપણે ધમ્મપદના ભાષ્યમાં એક ક્રમિક વા સંયુક્ત શિસ્ત પાળીશું, જેથી કરીને આપણે મનનો વિકાસ કરીને તેના પર કાબૂ મેળવી શકીએ.

ચાર પ્રવૃત્તિઓ છે, અને તે ક્રમબદ્ધ છે; પણ પાછળથી એકી સાથે થઈ શકે છે. સૌ પ્રથમ પોતાના વિચારોનું નિરીક્ષણ કરવું, બીજું વિચારો પર દેખરેખ રાખવી, ત્રીજું વિચારોને સંયમમાં આણવા, ચોથું વિચારો પર પ્રભુત્વ મેળવવું. એટલે કે, નિરીક્ષણ, દેખરેખ રાખવી, સંયમમાં આણવું અને પ્રભુત્વ મેળવવું, મનને દૂષિત થતાં બચાવવું, એટલા માટે જેમ માણસ દુષ્ટ મનથી બોલે કે ચાલે તેની પાછળ દુઃખ આવે છે, જેમ ગાડાને ખેંચતા કે ખેડતા બળદની ખરીની પાછળ પૈડું આવે છે તેમ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૯૭)

*

## સમતા, પરિમિતતા, વફાદારી અને પ્રામાણિકતા

બુદ્ધ ધર્મ જ્યારે ''અપવિત્રતાઓ''ની વાત કરે છે ત્યારે મુખ્યત્વે એ અહંકાર અને અજ્ઞાન હોય છે; કારણ કે, બૌદ્ધધર્મના દષ્ટિબિંદુથી સૌથી મોટામાં મોટું કલંક અજ્ઞાન છે, — બહારના પદાર્થોના, પ્રકૃતિના કાયદાઓનું અને તમે જે શાળામાં બધું જાણો છો તે વિશેના અજ્ઞાનની વાત નથી, પણ વસ્તુઓના ગહનતમ સત્યના, સત્તાના, અસ્તિત્વના, ધર્મના અજ્ઞાનની વાત છે.

નોંધને પાત્ર એ છે કે જે બે ત્રુટિઓ પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે તે છે આત્મસંયમ અને સચ્ચાઈ(વફાદારી)નો અભાવ. વફાદારીને અહીં સચ્ચાઈ, પ્રામાણિકતાના અર્થમાં લેવાની છે; ધમ્મપદ જેને ખૂબ કડક રીતે વખોડે છે તે છે દંભ, — તમે આધ્યાત્મિક જીવન જીવવા માગો છો તેવો દેખાવ કરવો અને તેમ કરવું નહીં, તમે સત્યની શોધ કરવા માગો છો તેવો દેખાવ કરવો અને તેમ કરવું નહીં, ભાગવત જીવનને સમર્પિત થયાની બાહ્ય નિશાનીઓને પ્રદર્શિત કરવી — ભગવું વસ્ત્ર જેના પ્રતીક તરીકે ગણવામાં આવ્યું છે — અંદરથી પોતાની જાતની આસપાસ રહેવું, પોતાનો સ્વાર્થ સાધવો, પોતાની જરૂરિયાતોને સંતોષવી.

ધમ્મપદનો આત્મસંયમ પરનો ઝોક રસપ્રદ નોંધ માગી લે છે. કારણ કે, બૌદ્ધધર્મના

ઉપદેશ પ્રમાણે બધી વસ્તુઓની અતિશયતા ખરાબ છે. બુદ્ધ હંમેશાં મધ્યમ માર્ગનો આગ્રહ રાખતા. તમારે એક બાજુ પર વધુ પડતા ઢળવું નહિ તેમ જ બીજી બાજુ પર પણ નહીં, કોઈ વસ્તુને વધારે પડતી જણાવવી નહીં. તમારે માપસર રહેવું જોઈએ, બધી વસ્તુઓમાં સમતુલા જાળવવી જોઈએ, —પરિમિતતાની સમતુલા.

આથી આધ્યાત્મિક જીવન ગાળવા માટે તમારામાં જે ગુણો તમને લાયક બનાવે છે તે છે : આંતરિક સમતા, કાર્યમાં સમતા, પરિમિતતા, સચ્ચાઈ, પ્રામાણિકતા, વફાદારી.

આપણા ધ્યાનનો વિષય થશે : સમતા, પરિમિતતા, વફાદારી અને પ્રામાણિકતા.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૦૪-૦૫)

*

## મનને શાન્ત કરવું

ચીન, જાપાન, બ્રહ્મદેશ જેવા દેશોમાં બુદ્ધ ધર્મના અસંખ્ય નાના પંથો છે અને દરેક પોતપોતાની પદ્ધતિઓને અનુસરે છે; પરંતુ તે સૌમાં અત્યંત સ્વીકૃત એવી ઘણી છે જેમનો એકમાત્ર અભ્યાસ મનને શાંત કરવાનો છે.

દિવસમાં થોડા કલાક અને રાત્રે પણ તેઓ બેસે છે અને મનને શાંત કરે છે. તેમને માટે સઘળી ઉપલબ્ધિની આ એક ચાવી છે — એક શાંત ચિત્ત જે આમતેમ ભટક્યા વગર કલાકો લગી શાંત કેમ રહેવું તે જાણે. પણ તમે એમ ન માનશો કે આ ઘણી સહેલી વાત છે, પણ તેમની પાસે બીજું કોઈ લક્ષ્ય નથી. તેઓ કોઈ એક વિચાર પર એકાગ્ર થતા નથી; તેઓ વધારે સારી રીતે સમજવા કે જાણવા પ્રયત્ન કરતા નથી, — એવું કંઈ જ નહીં. તેમને માટે મન શાંત રહે એ જ એક માર્ગ છે અને કેટલીક વાર વર્ષો ને વર્ષો લગી જારી રાખેલા પ્રયત્નો પછી તેઓ આ પરિણામને પામે છે, — મનને શાંત કરવું, તેને નિરપેક્ષ ભાવે શાંત અને નીરવ રાખવું. કારણ કે જેમ અહીં ધમ્મપદમાં જણાવ્યું છે તેમ, જો મન અવ્યવસ્થિત હશે, તો પછી એક પછી એક એકબીજાને અનુસરતી વિચારોની આ નિરંતર પ્રવૃત્તિ, જેમાં કેટલીક વાર કોઈ વ્યવસ્થા ન હોય, એકબીજાની સાથે ટકરાતા-ઝઘડતા વિચારો, વસ્તુઓ વિશે તર્કવિતર્ક કરતા વિચારો, મગજમાં જે કાંઈ ધકકંધક્કા કરતું હોય તે બધું, — છતમાં વરસાદનું પાણી જાણે કે ચૂતું હોય તેમ જણાય છે. તો, આ ચૂવાઓમાંથી (છિદ્રોમાંથી) બધી અનિચ્છનીય ગતિવિધિ ચેતનામાં દાખલ થાય છે, જેમ ચૂતા છાપરાવાળા ઘરમાં પાણી પડે છે તેમ.

એ ગમે તેમ હોય, તોપણ દરેકને માટે એક અભ્યાસ પાડવાની ભલામણ છે : મનને શાંત, તદ્દન નીરવ કરવા માટે દરરોજ અમુક સમય નક્કી કરવો. અને એ એક અનિવાર્ય હકીકત છે કે, માણસ જેટલો માનસિક રીતે વિકાસ પામેલો હોય, તેટલો ઝડપી તે સફળતા પામે અને મન જેટલે અંશે પ્રારંભિક દશાની અલ્પવિકસિત સ્થિતિમાં હોય તેટલે અંશે તેને વધારે મુશ્કેલી પડે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૦૯-૧૦)

*

## સાચી રીતે સુખી થવું

પોતે જે કંઈ કરે છે એ કેટલું કઢંગું છે એ જોવું, તે માણસની કક્ષાની ઉચ્ચતર સ્થિતિનું નિદર્શક છે. માણસના પોતાના અંતરના કેન્દ્રમાં ક્યાંક એવું પૂર્વજ્ઞાન હોય છે જેને લઈને સૌન્દર્ય, મહાનતા, ઉદારતા શું છે એનો અણસારો એને હોય છે અને પોતાની અંદર તેનો અમલ નહિ કરવાને કારણે સહન કરવા તે શક્તિમાન થાય છે.

મને લાગે છે કે ધમ્મપદ અહીં એવા લોકોને વિશે જણાવે છે જેઓ સુંદર શું છે, મહાન શું છે તે જાણતા હોય છે, છતાં ઇચ્છાપૂર્વક સમજી-બૂઝીને પાપાચરણ કરતા હોય છે. જે કરવા જેવું નથી એમ જાણ્યા છતાં વારંવાર તેમ કર્યા કરવું એ સઘળી શાંતિ, સઘળી શક્ય સ્થિરતા, અને સઘળું હિત પ્રાપ્ત થઈ શકે એમ હોય છે તેના ભોગે થાય છે. જે જૂઠ બોલે છે તેને નિરંતર બેચેની રહેતી હોય છે કે તેનું જૂઠ ખુલ્લું પડે તો, જે ખોટું આચરણ કરે છે તેને સતત એ વાતની ચિંતા રહેતી હોય છે કે તેને એનો દંડ ભોગવવો પડે; જે છેતરવાનો પ્રયાસ કરે છે તેને તે છેતરી રહ્યો છે એમ કદાચ શોધી કઢાય તેને લઈને પોતે શાંતિ રાખી શકતો નથી.

ખરું જોતાં, માત્ર અહંકારને કારણેય સારું કરવું, ન્યાયી થવું, સીધા અને પ્રામાણિક થવું, એ શાંત અને સુખી થવાનું, પોતાની ચિંતાને નહિવત્ કરવાનું એક ઉત્તમ સાધન છે. અને વળી જો કોઈ નિઃસ્વાર્થ થઈ શકે, અંગત હેતુઓ અને અહંકારથી મુક્ત થઈ શકે, તો સુખી થવાની ખરેખરી શક્યતા ગણાય.

તમારાં કાર્યોને લઈને જે વાતાવરણ સર્જાયું હોય છે તે તમે તમારી સાથે, તમારી આસપાસ, તમારામાં વહન કરો છો. તમે જો જે કાંઈ કરો તે સુંદર, સારું અને સુસંવાદી હોય, તો તમારું વાતાવરણ સુંદર, સારું અને સુસંવાદી હોય છે. એથી ઊલટું, તમે જો હીન સ્વાર્થમાં, વિવેક વગરના પોતાના હિતમાં, નિષ્ઠુર દુર્ભાવમાં રહેતા હશો તો જીવનની પ્રત્યેક ક્ષણે તેનો જ શ્વાસ લેતા રહેશો, — અર્થાત્ દુઃખ, નિરંતર બેચેની. આનો અર્થ એ થયો કે કઢંગાપણું પોતાની કુરૂપતાથી વિકળ બને છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૧૨)

*

## આપણે આપણું વાતાવરણ સાથે લઈને ફરીએ છીએ.

જ્યારે તમે સારા હો છો, જ્યારે તમે ઉદાર, મહાન, નિઃસ્વાર્થ, માયાળુ હો છો, ત્યારે તમે તમારામાં તમારી આસપાસ એક વાતાવરણ સર્જો છો અને આ વાતાવરણ એક રીતનો ઉજ્જવલ છુટકારો છે. તમે શ્વાસ લો છો, સૂર્યમાં ખીલતા ફૂલની જેમ તમે ખીલો છો, તમારા પર કોઈ દુઃખદ ઝાટકો લાગતો નથી; કોઈ કડવાશ, કોઈ વિદ્રોહ, કોઈ યાતનાઓ જણાતાં નથી. સાહજિક ભાવે અને આપમેળે વાતાવરણ પ્રકાશિત થાય છે અને જે હવામાં તમે શ્વાસ લો છો તે સુખપૂર્ણ લાગે છે. અને તમે જે હવામાં શ્વાસ લો છો, તે આ જ છે, — તમારા શરીરમાં અને શરીરની બહાર, જાગ્રત અવસ્થામાં અને નિદ્રાવસ્થામાં, જીવનમાં અને જીવનથી

પેલી પારના માર્ગમાં, પાર્થિવ જીવનની બહાર, — જ્યાં લગી નવું જીવન ન જણાય ત્યાં લગી.

દરેક ખોટું કૃત્ય ચેતના પર મ્લાન થતા પવનની, થીજી મૂકતા ઠારની અથવા ભરખી જતી ભડભડતી જ્વાળાઓની અસર ઊપજાવે છે.

દરેક સત્કૃત્ય, માયાળુ કાર્ય, પ્રકાશ, સ્થિરતા, આનંદ — જેમાં ફૂલ ખીલે એવો સૂર્યનો પ્રકાશ આણે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૧૪-૧૫)

*

## જાગૃતિ

અપ્રમાદ એટલે જાગતા રહેવું, પોતાને વિશે ચેતતા રહેવું, સહૃદય હોવું,— એકાએક સફાળા થઈ જવું નહીં. જ્યારે તમે સાધના કરવા ઇચ્છો છો ત્યારે તમારા જીવનની પ્રત્યેક ક્ષણે એક પસંદગી કરવી પડે છે : તમારા લક્ષ્ય ભણી દોરી જનારું એક ડગલું, અને નિદ્રામાં પડી જવું અથવા કોઈ કોઈ વાર પાછાં પગલાં માંડવાં અને કહેવું કે, ''અરે, હમણાં નહિ, પછીથી'' એમ કહીને રસ્તામાં બેસી જવું,— આ બેમાંથી એકની પસંદગી કરવાની હોય છે.

નીચે તાણતી વસ્તુનો માત્ર સામનો કરવો એ જાગૃતિ નથી; પરંતુ પ્રગતિની કોઈ પણ તક ગુમાવવી નહીં, નબળાઈને દૂર કરવાની કોઈ તક ગુમાવવી નહીં, કોઈ લાલચનો સામનો કરવો, કંઈક શીખવાની, કંઈક સુધારવાની, કશા પર પ્રભુત્વ મેળવવાની, તક ગુમાવવી નહીં. તમે જો સાવધ હશો, તો વર્ષોમાં જે થઈ શકે તેને થોડા દિવસમાં પાર પાડી શકશો; તમારા જીવનની દરેક પરિસ્થિતિને, પ્રત્યેક કાર્યને, પ્રત્યેક હલનચલનને તમારા લક્ષ્યની વધુ પાસે લઈ જનાર ઘટના તરીકે પરિવર્તિત કરી શકશો.

જાગૃતિ બે પ્રકારની છે : સક્રિય અને નિષ્ક્રિય. એક એ જાગૃતિ છે જે તમે ભૂલ કરવાના હો, કોઈ ખોટી પસંદગી કરવાના હો, કાં તો તમે નબળાઈનો ભોગ બનવાના હો કે કાં તો લાલચને વશ થઈ જવાના હો ત્યારે તમને ચેતવણી આપે છે. અને બીજી સક્રિય જાગૃતિ છે, જે પ્રગતિની તક શોધતી રહે છે, પ્રત્યેક સંજોગને ઝડપી રીતે આગળ વધવામાં યોજતી રહેતી હોય છે. પતન થતાં અટકાવવું અને ત્વરિત ગતિએ આગળ ધપવું એ બે વચ્ચે ફરક છે.

અને એ બંનેય અત્યંત જરૂરી છે.

જે જાગ્રત નથી તે મરેલો જ છે. તેણે અસ્તિત્વના સાચા હેતુનો અને જીવનનો સંપર્ક ગુમાવ્યો હોય છે.

આથી સમય, સંજોગો અને જીવન વ્યર્થ પસાર થઈ જાય છે, કંઈ જ નીપજતું નથી અને તમારી તન્દ્રાવસ્થામાંથી જાગો છો ત્યારે તમે ખાડામાં પડ્યા હો છો, જેમાંથી ઉપર આવવું ઘણું અઘરું થઈ પડે એમ હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૧૭-૧૮)

*

## ત્યાગ અને ભૌતિકવાદ

આ આખાય ઉપદેશમાં એક વસ્તુ પર ધ્યાન આપવા જેવું છે અને તે આ છે : તમને એવું કદાપિ કહેવામાં આવ્યું નથી કે સારી રીતે જીવવું, સારી રીતે વિચારવું, એ કોઈ સંઘર્ષનું કે ત્યાગનું (બલિદાનનું) પરિણામ છે. ઊલટું, એ એક એવી આનંદપૂર્ણ અવસ્થા છે જે સઘળાં દુ:ખોને મટાડે છે. તે સમયે, એટલે કે બુદ્ધના સમયમાં, આધ્યાત્મિક જીવન જીવવું એક આનંદ હતો, એક પરમ ગતિ હતી, એક સૌથી સુખપૂર્ણ અવસ્થા હતી. એને લઈને દુનિયાની બધી મુશ્કેલીઓ, બધાં દુ:ખો, બધી ચિંતાઓમાંથી તમે મુક્ત થઈ જતા; અને તમે સુખ, સંતોષ અને તૃપ્તિ અનુભવતા.

એ તો આધુનિક સમયના ભૌતિકવાદે આધ્યાત્મિક પ્રયાસને એક કઠણ સંઘર્ષમાં, એક બલિદાનમાં જીવનના કહેવાતા બધા આનંદોના દુ:ખપૂર્ણ ત્યાગમાં પલટાવી દીધો છે.

ભૌતિક જગત, ભૌતિક આમોદપ્રમોદ, ભૌતિક આનંદ, ભૌતિક માલિકીની એકાન્તિક વાસ્તવિકતા પરનો આ જે આગ્રહ (ઝોક), એ માનવ સભ્યતાની આખીયે પદાર્થવાદી મનોવૃત્તિનું પરિણામ છે. પ્રાચીન સમયમાં આનો વિચાર સરખોયે ન હતો. એથી ઊલટું, દુનિયાદારીની સઘળી ચિંતાઓમાંથી મુક્તિ, એકાગ્રતા, પ્રત્યાહાર, આધ્યાત્મિક આનંદ પ્રત્યેની સમર્પણ ભાવના, — એ બધું ખરેખર સુખ હતું.

આ દૃષ્ટિએ જોતાં એ સ્પષ્ટ જણાય છે કે માનવજાતિ ખરેખરી પ્રગતિ કરી શકી નથી અને જેઓ પદાર્થવાદી સભ્યતાનાં કેન્દ્રસ્થાનોની દુનિયામાં જન્મ્યા હતા તેમના અવચેતન મનમાં એક ભયંકર ખ્યાલ જોવામાં આવે છે કે માત્ર ભૌતિક વાસ્તવિકતાઓ જ સાચી છે અને જે ભૌતિક નથી તેવી બાબતોમાં ચિત્તને પરોવવું એ એક બલિદાનની આશ્ચર્યકારક ભાવનાનો નિર્દેશ કરે છે, એક પ્રાયઃ પરમ પ્રયાસ સૂચવે છે. સવારથી સાંજ લગી અને સાંજથી સવાર લગી ક્ષુલ્લક ભૌતિક સંતોષો, ભૌતિક આમોદપ્રમોદ, ભૌતિક સંવેદનો, ભૌતિક પૂર્વગ્રહોમાં તલ્લીન ન રહેવું એ એક નોંધપાત્ર ભાવનાનો નિર્દેશ કરે છે. આપણને ખબર નથી, પરંતુ આખીયે આધુનિક સભ્યતા આ પ્રકારની ધારણા પર મંડાયેલી છે : ''અરે, તમે જેને સ્પર્શી શકો તે ખરેખર સાચું છે; તમે જેને જોઈ શકો છો તે ખરેખર સાચું છે; તમે જે ખાધું છે તેની સત્યતાની તમને ખાત્રી છે. પણ તે સિવાય બીજું બધું ઊંહ (જવા દોને) ! એવું તો નથી કે આ સિવાયનું બીજું બધું સ્વપ્ન કે મિથ્યા આભાસ હોય ! એ ઠાલું યે હોય ! આપણે વાસ્તવિકને બદલે અવાસ્તવિકને, પદાર્થને ઠેકાણે પડછાયાને પકડવા તો નથી દોડતાં ? છેવટે આ બધાથી તમને શો લાભ થવાનો છે ? માત્ર કેટલાંક સ્વપ્નાં ! એટલું જ ને ! પણ તમારા ખિસ્સામાં નગદ નાણું પડ્યું હશે તો તે પર નિર્ભર હોવાથી તમને નીરાંત થશે કે ''હાશ ! કંઈક તો છે !''

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૧૮-૧૯)

*

## માર્ગ પર સમય ગુમાવવો એ છે દુઃખ

એ એક હકીકત છે કે જ્યારે માર્ગે જતાં કોઈ મનુષ્ય સમય નકામો ન જાય તે માટે પ્રયત્નશીલ રહે છે, તો પછી ગુમાવેલો સમય તેને માટે દુઃખદ થઈ જાય છે અને એમાં પછી તેને કશો આનંદ લાગતો નથી. અને એક વાર તમે એ અવસ્થામાં આવી ગયા, એક વાર તમારા જીવનમાં પ્રગતિ અને રૂપાંતરનો આ પ્રયાસ ખૂબ મહત્ત્વનો બની ગયો – અને તમે તેનું નિરંતર ચિંતન કરતા થઈ ગયા – પછી શાશ્વત અસ્તિત્વના માર્ગે તમે વળી ગયા એમ સમજજો, – અને એ જ તમારી સત્તાનું સત્ય હશે.

સાચે જ, આંતરિક વિકાસ કરતાં એવી એક પળ આવે છે કે જ્યારે એકાગ્ર થવામાં પ્રયાસ કરવા કરતાં, ચિંતનમાં લીન થવાને પ્રયત્ન કરવા કરતાં, સત્ય અને તેની ઉત્તમ અભિવ્યક્તિની શોધ – જેને બુદ્ધ ધર્મને પાળનારા ધ્યાન કહે છે – કરવા કરતાં, એથી ઊલટું, તમે એક પ્રકારની મુક્તિ, સાહજિકતા, આરામ, આનંદ, અનુભવો છો. અને જે મહત્ત્વની વસ્તુઓ ન હોય એની સાથેનો વ્યવહાર કરતાં એ સ્થિતિમાંથી બહાર આવવું પડે, જે એક નિરર્થક સમયનો બગાડ જણાય છે, – ત્યારે અત્યંત પીડાજનક બને છે. બહારની પ્રવૃત્તિઓ, જે અત્યંત અનિવાર્ય હોય, ભગવાનની સેવાને કાજે થતી હોય તેની સરખામણીમાં ઓછી થતી જાય છે. જે બધું નિરર્થક છે, નિરુપયોગી છે, ખાસ કરીને જેને લઈને સમયનો અને પ્રયત્નનો બગાડ થાય છે એ સઘળું સહેજ પણ સંતોષ ન આપતાં એક પ્રકારની તકલીફ, એક પ્રકારનો થાક ઊભો કરે છે. તમારા લક્ષ્યમાં એકાગ્ર થયા હો ત્યારે જ તમે સુખ (ચેન) અનુભવો છો.

આમ થાય ત્યારે જ સાચી રીતે તમે માર્ગે છો એમ ગણાય.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૨૫)

*

## તમે જે બનવા માગો છો એના ઉપર એકાગ્રતા કરો.

આ વર્ગમાં કેટલીક સુંદર ભલામણો છે. જેમ કે : બીજાઓ શું કરે છે કે શી ભૂલો કરે છે તે પ્રત્યે ધ્યાન ન આપવું, પોતાની ત્રુટિઓને, બેદરકારીને સુધારવી. બીજી ડાહી શિખામણ એ છે કે જેમનો અસરકારક અમલ ન થઈ શકે એવા મોટા મોટા વાક્પટુ શબ્દો ઉચ્ચારવા નહીં – થોડું બોલો, વધુ આચરો. કહેવામાં આવે છે માત્ર શબ્દો ખાતર ઉચ્ચારાતા સુંદર શબ્દો, સુગંધ વગરનાં પુષ્પો જેવા છે.

અને છેલ્લે, તમારી ભૂલોને લઈને તમે નિરાશ ન થઈ જાઓ માટે ધમ્મપદ એક આશ્વાસક રૂપક આપે છે : રસ્તે પડેલા ઉકરડામાંથી પણ પવિત્ર પદ્મ ઊગી શકે છે. અર્થાત્, અતિ પવિત્ર ઉપલબ્ધિ જેમાંથી ઉત્પન્ન ન થઈ શકે એવી કોઈ પણ સડેલી, બદબોભરેલી ચીજ નથી.

ભૂતકાળ ગમે તેવો હોય, ભૂલો ગમે તેટલી કરી હોય, ગમે તેવા અજ્ઞાનમાં જીવન ગુજાર્યું

હોય, છતાંય મનુષ્ય પોતાના અંતરના ઊંડાણમાં પરમ પવિત્રતા વહન કરી રહ્યો છે, જે આશ્ચર્યકારક ઉપલબ્ધિમાં પરિણમી શકે છે.

ખરો મુદ્દો ઉપર કહ્યું તે પર વિચારવું એ છે; તેના પર એકાગ્ર થવું, બધી મુશ્કેલીઓ, અટકાયતો અને વિઘ્નો પર બહુ ભાર મૂકવો નહીં.

તમે શું થવા ઇચ્છો છો તેના પર આત્યંતિક એકાગ્રતા રાખો, તમે જેવા થવા ઇચ્છતા નથી તે શક્ય તેટલે અંશે બિલકુલ ભૂલી જવા પ્રયત્ન કરો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૩૧)

*

## પોતાની ત્રુટિઓ શોધી કાઢ્યા બાદ અપનાવવાનું સાચું વલણ

''અરે, વળી પાછી બીજી ત્રુટિ,'' એમ દિલગીરી સાથે કહેવાને બદલે, ઊલટું તમારે ખુશ થવું જોઈએ : જાણે કે કોઈ આશ્ચર્યકારક વસ્તુ પ્રાપ્ત થઈ ! કારણ કે, તમારી પ્રગતિને રોકનારી ઘણી વસ્તુઓમાંની એક તમારી પકડમાં આવી ગઈ અને જ્યારે પકડમાં આવી ગઈ ત્યારે તેને બહાર ખેંચી લાવો ! કારણ કે, જેઓ યોગસાધના કરતા હોય છે તેમને કોઈ અનિષ્ટ વસ્તુ હોવી ન જોઈએ. એમ જણાયું કે તરત જ તેને દૂર કરવાની, અમાન્ય કરવાની, વિનાશ કરવાની તમારામાં તાકાત આવે છે.

દોષ શોધી કાઢવો એ પણ એક પ્રાપ્તિ છે. જાણે કે કોઈ એક નાનકડું દૂર કરાયેલું તમસ્‌નું ટપકું અને તેની જગાએ ફેંકાયેલું પ્રકાશનું પૂર !

જ્યારે તમે યોગસાધના કરતા હો, ત્યારે તમારે આ દુર્બળતા, આ નિમ્નતા, આ ઇચ્છાશક્તિનો અભાવ સ્વીકારવાં ન જોઈએ; અર્થાત્, જ્ઞાનને શક્તિ તરત જ ન અનુસરે એમ થવું ન જોઈએ. તમને એમ લાગે કે આમ થવું ન જોઈએ અને છતાંય એમ થયા કરે તો એ એક એવી દુર્બળતાની નિશાની બની જાય છે કે કોઈ ગંભીર સાધનામાં તે સ્વીકાર્ય થઈ ન શકે. આનો અર્થ એ થાય કે તે એક બેવફાઈને આરે આવેલો ઇચ્છાશક્તિનો અભાવ છે. તમે જાણતા હો કે આમ ન થવું જોઈએ અને જે ક્ષણે તમે તેમ જાણો ત્યારે એમ ન થવું જોઈએ એવો નિર્ણય લેનાર તમે પોતે હો છો. કારણ કે, જ્ઞાન અને શક્તિ મૂળમાં એક જ છે, — એટલે કે, તમારી પ્રગતિને આગળ ધપાવનાર જે કેન્દ્રસ્થ મનોબળ છે તેનો વિરોધી તમારી સત્‌તાના કોઈ એક ભાગમાં રહેલો દુર્ભાવનો પડછાયો, જે તમને નિર્વીર્ય, હિંમત વગરના, જે પાપને તમારે હણવું જોઈએ એમ જાણતા છતાં બળના અભાવવાળા બનાવે છે, — તેમાંથી કોઈને પ્રવેશ નહિ આપવો જોઈએ.

અજ્ઞાનને લઈને થતું પાપાચરણ પાપ નથી; જગત જેવું છે તેમાં રહેલો તે સામાન્ય પાપનો એક ભાગ હોય છે. પણ જાણવા છતાં થયેલું પાપ ગંભીર બાબત બની જાય છે. એનો અર્થ એ થયો કે ફળમાં જેમ કીડો હોય છે તેમ તમારામાં ક્યાંક દુર્ભાવનો એક અંશ છૂપેલો છે. — એને

તમારે કોઈ ભોગે પકડી પાડવો રહ્યો. કારણ કે, આવી બાબતની કોઈ દુર્બળતા મુશ્કેલીઓનું મૂળ બની રહે છે, જે પાછળથી કેટલીક વાર અસાધ્ય થઈ જાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૩૮-૩૯)

*

## પોતાની જાતને સત્યનિષ્ઠાપૂર્વક નિહાળો

તમે માનો છો કે તમે કેટલા બધા સારા છો, માયાળુ છો, સન્મતિવાળા છો અને હમેશાં સારી લાગણીઓથી ભરેલા છો. તમે કોઈનું બૂરું ઇચ્છતા નથી, સૌનું ભલું ચાહો છો અને આમ આત્મસંતુષ્ટ ભાવે તમારી જાતને કહો છો. પરંતુ વિચાર કરતાં કરતાં જો તમારી જાતને સચ્ચાઈથી નિહાળશો તો તમને જણાશે કે તમારા મગજમાં એવા વિચારોનો સમુચ્ચય જામ્યો છે જે કેટલીક વાર ભીતિ ઉત્પન્ન કરે એવા છે, જેમની તમને ખબર પણ નહોતી પડી.

દાખલા તરીકે, તમને કંઈક ગમે નહિ તે વખતની તમારી પ્રતિક્રિયા તમે તમારા મિત્રોને, સગાંસંબંધીઓને, પરિચિતોને, દરેકને ભાંડવા કેટલા આકળવિકળ થઈ જાઓ છો ! જાણ્યા વગર તમે તેમને કેટલી બધી ગાળો દઈ દો છો ! અને તમે કહો છો : ''હા, હવે એને એવા થવાનો પાઠ મળશે !'' અને જ્યારે તમે વિવેચન કરો છો ત્યારે કહો છો, ''તેના દોષો તેને જણાવવા જ જોઈએ.'' અને કોઈ તમારા વિચારો પ્રમાણે ન વર્તે તો ''એનો એને દંડ મળશે !'' એમ કહો છો. અને આમ ચાલ્યા કરે છે.

તમને આ જણાતું નથી, કારણ કે વિચારની વેળાએ તમે તમારી જાતને જોતા નથી હોતા. કોઈક વાર જ્યારે તે ખૂબ પ્રબળ થઈ જાય છે, ત્યારે કોઈક વાર તમે જાણો છો. પણ જ્યારે વસ્તુ માત્ર પસાર થઈ જતી હોય છે, ત્યારે તમે ભાગ્યે જ તેને નોંધો છો, — તે આવે છે, પ્રવેશે છે, અને ચાલી જાય છે, પછી તમને જણાઈ આવે છે કે જો તમારે સાચે જ શુદ્ધ થવું હશે, સત્યની દિશામાં સમગ્ર ભાવે જવું હશે, તો જાગ્રતિ જોઈશે, સચ્ચાઈ જોઈશે, આત્મનિરીક્ષણ જોઈશે, આત્મસંયમ જોઈશે, — અને આ સર્વસામાન્ય હોતું નથી. અને તમને સમજાતું જાય છે કે ખરેખર સહૃદયી થવું અઘરું છે.

તમે તમારી ખુશામત કરો છો કે તમારામાં માત્ર સારી લાગણીઓ, સારા ઇરાદાઓ જ છે; તમે જે કાંઈ કરો છો તે સારાને માટે કરો છો, — હા, જ્યાં લગી તમે સચેત હો છો, સંયત હો છો; પરંતુ જે ક્ષણે તમે ખૂબ સાવધાન નથી હોતા ત્યારે તમારામાં ઘણી વસ્તુઓ બની આવે છે, જેની તમને ખબર નથી હોતી. અને એ બધું બહુ સરસ મઝાનું નથી હોતું !

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૫૦-૨૫૧)

*

## હંમેશાં પ્રગતિ કરતા રહો

અહીં એક વસ્તુ સ્પષ્ટ રીતે જણાવી નથી એ ચોક્કસ છે, પણ બીજી બધી વસ્તુઓ એટલી જ મહત્ત્વની છે. તે આ છે : વર્ષો એકઠાં થાય તેના કરતાં ઘડપણ ખૂબ જ ભયંકર છે અને વધુ વાસ્તવિક છે, જ્યારે વધવાની અને પ્રગતિ કરવાની અશક્તિ આવે છે.

જેવા તમે આગળ વધતા અટકો છો, પ્રગતિ કરતા થોભો છો, છો તેના કરતાં સારા થતા બંધ થાઓ છો, કંઈક મેળવતા અને વિકાસ પામતા અટકી પડો છો, રૂપાંતર પામતા અટકી પડો છો, — તેવા તમે ખરે જ ઘરડા થયા સમજવું, એટલે કે વિઘટન પ્રત્યે નીચે ઊતરી રહ્યા છો.

કેટલાક જુવાન ઘરડા હોય છે, કેટલાક ઘરડા જુવાન હોય છે, જો તમે પ્રગતિની અને રૂપાંતરની જ્યોત જલતી રાખો, જો તમે એક જાગ્રત ડગ સાથે આગળ ધપી શકવાના હેતુથી બધું જ પાછળ નાખી દેવા તત્પર હો, જો તમે નવી પ્રગતિ, નવા સુધારા, નવાં રૂપાંતર પ્રત્યે હંમેશાં ખુલ્લા હો, તો તમે શાશ્વત કાળને માટે જુવાન છો. પરંતુ જો જે કંઈ પ્રાપ્ત થયું હોય તેથી સંતુષ્ટ થઈને તમે પાછા પડી જાઓ, તમને જો એમ લાગે કે તમારે લક્ષ્ય સ્થળે તમે પહોંચી ગયા છો, અને હવે તમારે કંઈ કરવાપણું નથી, માત્ર તમારા પ્રયત્નોનાં ફળ ભોગવવાનાં છે તો પછી અડધું શરીર કબરમાં છે એમ સમજો. એ છે જર્જરતા અને ખરું મૃત્યુ.

હંમેશાં જે કાંઈ થયું છે તે, જે કંઈ કરવાનું છે તેની સરખામણીમાં કંઈ જ નથી.

પાછળ જુઓ નહીં, આગળ જુઓ, હંમેશાં આગળ અને ચરેવેતિ ચરેવેતિ (આગે બઢો, આગે બઢો). (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૫૮-૫૯)

*

## નિરાંતની પળોનો ઉપયોગ કરવાની સારી રીત

જીવનના વહેણમાં કેટલીયે વાર ખાલીપણું (રિક્તતા) આવી જાય છે. પરોવાયા વગરની પળો, કેટલીક મિનિટો, કોઈ વાર વધારે અને પછી તમે શું કરો છો ? તરત જ તમે વિચલિત થઈ જાઓ છો અને વખત ગાળવા કંઈક મૂર્ખામી કે એવું કંઈક શોધી કાઢો છો. આ રોજની રામાયણ છે. નાનાંથી મોટાં બધાંય કંટાળામાંથી બહાર નીકળી જવા પોતાનો ઘણો વખત ગાળે છે. કંટાળો—કલાન્તિ એમની મનપસંદ વિરક્તિ છે અને એમાંથી છૂટવા માટે મૂર્ખ રીતે કામ કરવાનું થાય છે.

વારુ, એના કરતાં એક વધુ સારો રસ્તો છે,—સ્મૃતિનો.

તમને જ્યારે થોડો વખત મળે, પછી તે એક કલાક હોય કે થોડીઘણી મિનિટો હોય. ત્યારે તમારી જાતને આમ કહો : ''આખરે એકાગ્ર થવાનો, મારી જાતને એકઠી કરવાનો મારા જીવનના હેતુને ફરીથી જીવવાનો, સત્યને અને શાશ્વતને મારી જાતને અર્પવાનો થોડો સમય

મળ્યો છે.'' બહારના સંજોગોથી ત્રાસી ન જતા હો તેવા સમયમાં તમે જો આમ કરવાનું જારી રાખશો તો તમે આ માર્ગે ઝડપથી આગળ વધશો. ગમે તેમ બોલબોલ કરવામાં, નકામી વસ્તુઓ કરવામાં, ચેતનાને નીચે લઈ જાય એવું વાંચવામાં — માત્ર ઉત્તમની પસંદગી કરવી, એથી વધારે ગંભીર બેવકૂફીઓની વાત કરતી નથી,— સમય બરબાદ કરવાને બદલે, તમારી જાતને બેશુદ્ધિમાં લઈ જવાને બદલે, સમયને બચાવવા — અને એ તો ઘણો ટૂંકો છે — અને વળી તમને જીવનને અંતે સમજાય કે ત્રણ ચતુર્થાંશ તકો તમે જતી કરી છે. એ દૃષ્ટિએ એથીયે ટૂંકો, — પણ એથી કાંઈ વળે નહીં, — તેના કરતાં મિતાહારી થવું, સમતોલ બનવું, ધીરજ રાખવી, શાંત રહેવું, પણ તમને મળતી તકને કદાપિ જતી કરવી નહીં; એટલે કે તમારી સામે જે કામ વગરની પળ હોય તેને સાચા હેતુમાં યોજવી.

તમારે જ્યારે કશું જ કરવાનું નથી હોતું ત્યારે તમે બેચેન બની જાઓ છો, આમતેમ ભટકો છો, મિત્રોને મળો છો, ચાલવાનું કરો છો, અને આ બધું તો ઘણું સારું છે, જે દેખીતી રીતે કરવા જેવું નથી એનો અહીં ઉલ્લેખ કરતી નથી. તેને બદલે આકાશની સમક્ષ બેસી જાઓ, દરિયા પાસે કે ઝાડ તળે બેસો, જે શક્ય હોય તે પ્રમાણે (અહીં તમારે એ બધુંય છે) અને આમાંની એકાદ વસ્તુને આત્મસાત્ કરવા પ્રયાસ કરો : તમે કેવું જીવી રહ્યા છો તે સમજવા, કેમ જીવવું જોઈએ તે જાણવા, તમારે શું કરવું છે અને શું કરવું જોઈએ તે વિશે વિચારણા કરવા, તમે જે અજ્ઞાનમાં, જૂઠમાં, દુઃખમાં, જીવી રહ્યા છો તેમાંથી છૂટવાને માટે કયો ઉત્તમ માર્ગ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૭૨-૭૩)

*

## પોતાના વિશે વિચાર્યા કરવાને બદલે પુષ્પની માફક પાંગરતાં રહેવું

પોતાને શિરે કોઈ પણ જવાબદારી ન રાખવી, પોતાને વિશે કંઈ જ વિચારવું નહીં, એ એક અભિવ્યક્ત ન થઈ શકે તેવો આનંદ છે. પોતાને વિશે વિચાર્યા કરવું, — શું કરવું, શું ન કરવું, તમારે માટે શું સારું, શું ખોટું, શાને છોડી દેવું, શાને અનુસરવું, — એ એટલું કંટાળાજનક, નીરસ અને લુખ્ખું હોય છે, — અરે, કેવું કષ્ટપ્રદ તે હોય છે ! પરંતુ જ્યારે મનુષ્ય સાવ ખુલ્લો થઈને જીવે છે; પરમ ચેતના, પરમ પ્રજ્ઞા, પરમ પ્રકાશ, પરમ પ્રેમની સમક્ષ સૂર્યના પ્રકાશમાં ખીલતા પુષ્પની જેમ જીવે છે, — જે બધું જાણે છે, બધું કરી શકે છે, જે તમારો કબજો લઈ લે છે અને પછી તમારે કશી ફિકર ચિંતા રહેતી નથી, — આ એક આદર્શ અવસ્થા છે.

પણ એમ કેમ થતું નથી !

કોઈ એને વિશે વિચારતું નથી, તેમ કરવાનું ભૂલી જાય છે, જૂની ટેવો પાછી આવે છે. અને સૌથી વધારે તો, પાછળ, ક્યાંક અવચેતનામાં કે અર્ધચેતનામાં છૂપેલો પેલો ઠગારો સંશય હોય છે, જે તમારા કાનમાં કહે છે, ''અરે ! તમે સાવધ નહિ રહો તો દુર્ભાગ્યમાં સપડાઈ જશો. તમારી જાત પર દેખરેખ નહીં રાખો, શું બનશે એ કોણ કહી શકે !'' ... અને તમે એવા મૂર્ખ,

એવા તો મૂર્ખ, એવા ધૂંધળા, એવા બેવકૂફ થઈ જાઓ છો કે તમે તે સાંભળો છો અને તમારી જાત પ્રત્યે ધ્યાન આપો છો. અને પછી બધું જ હતું—ન હતું થઈ જાય છે.

તમારે બધું પુનશ્ચ હરિ ઓમ્ કરવાનું રહે છે, તમારા કોષોમાં સહેજ ડહાપણ, સહેજ સહજ બુદ્ધિ ફૂંકવાનાં રહે છે અને ફિકર-ચિંતા નહિ કરવાનો પાઠ ફરી ભણવાનો રહે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૭૯)

*

## સારા બનવા માટે સારા બની રહેવું

હા, તમારે જો સીધે માર્ગે જવું હોય, તમે જો વિનયી હો, તમારે જો પવિત્રતા જાળવવી હોય, તમને જો રસ ન હોય, તમારી ઇચ્છા એકાંત જીવન ગાળવાની હોય, સ્પષ્ટ ન્યાય તોળવાની હોય, — તો તમારે એવો ભ્રમ નહિ સેવવો કે બધું સહેલું છે. ... ખરી વાત એથી ઊલટી છે ! તમે જ્યારે આંતરિક તેમ જ બાહ્ય પૂર્ણતા તરફ જવા ગતિમાન થાઓ છો ત્યારે મુશ્કેલીઓ પણ સાથે સાથે શરૂ થશે.

મેં ઘણી વાર લોકોને કહેતા સાંભળ્યા છે : ''અરે ! હવે જેવો હું સારો થવાનો પ્રયત્ન કરી રહ્યો છું, તેવું પ્રત્યેક જણ મને બૂરો જણાતો જાય છે.'' પરંતુ તમને ચોક્કસપણે પાઠ આપવાને આમ હોય છે કે માણસે કોઈ સ્વાર્થયુક્ત હેતુથી સારા થવાનું નથી, બીજા તમારા પ્રત્યે સારા થાય એ હેતુથી સારા થવાનું નથી — સારા થવાની ખાતર સારા બનવું જોઈએ.

આ એક જ બોધ છે : માણસે જેટલું સારું થઈ શકે તેટલું કરવું, થઈ શકે તેટલું ઉત્તમ કરવું, પણ ફળની અપેક્ષા ન રાખવી, ફળના દૃષ્ટિબિંદુથી કર્યા વિના. આ પ્રકારનો મનોભવ, કે સારા કામનો સારો બદલો ઇચ્છવો — સારા થવું, કારણ કે તેમ કર્યે જીવન સહેલાઈથી પસાર થાય, — આ પ્રકારનો મનોભાવ સદ્કાર્યનું સઘળું મહત્ત્વ ગુમાવે છે.

તમારે સારા થવાના પ્રેમને કારણે સારા થવું જોઈએ, ન્યાયના પ્રેમને કારણે ન્યાયી થવું જોઈએ, પવિત્રતાના પ્રેમને કારણે પવિત્ર થવું જોઈએ, નિષ્કામ થવાના પ્રેમને કારણે નિષ્કામ થવું જોઈએ. એમ થશે તો તમે માર્ગે ચોક્કસ આગળ વધી શકશો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૮૭)

*

## સાચું સુખ પ્રાપ્ત કરવું

''નીતિનિયમોનું પાલન કરવાથી, વિશાળ જ્ઞાનને લઈને, ધ્યાનનો અભ્યાસ કર્યે, એકાંત જીવન ગાળ્યે, અગર વિચાર કર્યે'' સાચું સુખ મળતું નથી. એ તો ઇચ્છાઓને દૂર કર્યે પ્રાપ્ત થ ાય છે, — એમ કહ્યું જ છે. સાચે જ, બધી ઇચ્છાઓને દૂર કરવી એ સહેલું નથી, ઘણી વાર એમાં આખું જીવન ચાલ્યું જાય છે, પરંતુ સાચું કહીએ તો, તે એક ઘણો નકારાત્મક માર્ગ છે,

જો કે વિકાસની અમુક અવસ્થાએ એ પ્રકારનું નિયંત્રણ ઘણું જરૂરી હોય છે અને જો પોતાની જાતને છેતરવી ન હોય તો આચરવાને અનિવાર્ય પણ છે. કારણ કે સૌ પ્રથમ આપણે મોટી મોટી ઇચ્છાઓને દૂર કરવાથી શરૂઆત કરીએ; એ બધી ખૂબ દેખીતી સ્પષ્ટ હોય છે, એ ઇચ્છાઓ તમને એટલી બધી સતાવતી હોય છે કે તમને તે વિશે કોઈ ભ્રાંતિ નથી હોતી. ત્યાર પછી આવે છે સૂક્ષ્મતર કામનાઓ, જે બધી કરવા જેવી વસ્તુઓનું સ્વરૂપ ધારણ કરીને રહેલી હોય છે. એ બધી આવશ્યક જણાય છે, કેટલીક વાર તો અંદરથી હુકમો કરતી હોય છે. એમને શોધી કાઢવી અને પરાભૂત કરવી એ સમય અને ઘણી સચ્ચાઈ માગી લે છે અને આખરે તમને એમ લાગે કે આ પાર્થિવ જગતમાં, બહારની વસ્તુઓમાં, લાગણીની દુનિયામાં, ઊર્મિઓમાં અને ભાવનાઓમાં, વિચારો રૂપે રહેલા મનોમય જગતમાં રહેલી દુષ્ટ ઇચ્છાઓનું કામ જાણે કે પતી ગયું છે. અને આગળ જતાં અધ્યાત્મ-જગતમાં પાછી ફરતી તેમને જુઓ છો. અહીં એ બધી ઘણી બધી ભયંકર બને છે, વધુ સૂક્ષ્મ બને છે, વધુ આરપાર ઊતરી ગયેલી હોય છે, વધુ અદૃશ્ય થઈ જાય છે, — અને સંતપણાનો બુરખો ઓઢીને એવી આવે છે કે તમે એમને ઇચ્છાઓ કહેવાની ધૃષ્ટતા કરી શકો નહીં.

અને જ્યારે તમે એમને પરાભૂત કરવામાં સફળ નીવડ્યા; તેમને શોધી કાઢી, હાંકી કાઢીને, તેમનાથી છૂટ્યા, તોય આ કામની માત્ર નિષેધાત્મક બાજુ થઈ ગણાય.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૯૦-૯૧)

*

## અહંકારથી મુક્ત થવાની ઝડપીમાં ઝડપી રીત

બુદ્ધે કહ્યું હતું અથવા કહેતા હતા એમ જણાવ્યું છે કે જ્યારે કોઈ વ્યક્તિ સઘળી ઇચ્છાઓથી મુક્ત થઈ જાય ત્યારે અનિવાર્યપણે તે અનંત આનંદમાં પ્રવેશે છે. આ આનંદ કદાચ થોડો શુષ્ક હોય; ગમે તેમ પણ મને તે ઝડપી માર્ગ લાગતો નથી.

શરૂથી ધારો કે કોઈ આ આખા પ્રશ્નને એક સામટો ઝડપી લે અને તેમાં હિંમતપૂર્વક અને નિર્ણય સાથે કૂદી પડે, અને ધારો કે ઇચ્છાઓનો એક લાંબો, કઠોર, દુઃખદ અને નિરાશાજનક પીછો પકડવાનું બીડું ઝડપે, તેને બદલે, જો તે સરળતાથી, સમગ્રભાવે, બિનશરતીભાવે પરમ વાસ્તવિકતાને, પરમ તપઃશક્તિને, પરમ સત્તાને શરણે જાય, પોતાને પૂર્ણભાવે તેમને હસ્તક સોંપી દે — ગણતરી કર્યા વગર, પોતાની આખીય સત્તા અને એ સત્તાનાં તત્ત્વો સાથે ઉમંગભેર સોંપી દે, — તો એ રીતે અહંને દૂર કરવાનો ઝડપીમાં ઝડપી અને મૂળગામી માર્ગ બને. લોકો કહેશે કે એમ કરવું અઘરું થાય, પણ એમાં કંઈ નહિ તો એક ઉષ્મા રહી છે, એક ઉત્કટતા છે, એક ઉત્સાહ છે, એક પ્રકાશ છે, એક સૌન્દર્ય છે, એક પ્રચંડ સર્જનાત્મક જીવન છે.

એ વાત ખરી છે કે ઇચ્છા ન હોય તો અહંને ટકાવી રાખનારું વિશેષ કંઈ હોતું નથી;

આપણને એમ લાગે છે કે ચેતના એટલી બધી કઠોર થઈ જાય છે કે જો અહં ધૂળભેળો થઈ ગયો તો પછી પોતાની જાતનું પણ કંઈક ધૂળભેળું થઈ જાય છે અને પછી વ્યક્તિ નિર્વાણમાં પ્રવેશવા તૈયાર થાય છે, — અને એ માત્ર સાવ સીધેસીધું ઉચ્છેદન ગણાય.

પરંતુ આપણે અહીં જે ખરા નિર્વાણને વિશે વિચારીએ છીએ એ અહંનું પરમના ગૌરવમાં અદૃશ્ય થવાપણું છે. અને આ માર્ગને હું ભાવાત્મક માર્ગ કહું છું. એમાં આત્માર્પણ પૂર્ણ, સમગ્ર, સુગઠિત, કંઈ રાખ્યા વગરનું, ગણતરી વિનાનું બને છે.

પોતાની જાતને વિશે વિચાર ન કરવો, પોતાનું નિરાળું અસ્તિત્વ ન હોવું, પોતાને ઉદ્દેશીને કશું જ ન હોવું, માત્ર જે પરમ ભાવે સુંદર હોય, પ્રકાશપૂર્ણ હોય, આનંદસભર હોય, શક્તિશાળી હોય, કરુણામય હોય, અનંત હોય, — એવી એક નક્કર સ્થિતિ માત્ર એટલી બધી ગભીર આનંદપૂર્ણ હોય છે કે તેની સાથે કશાને સરખાવી ન શકાય.

આ જ એક વસ્તુ કરવા જેવી છે... પ્રયાસ માગી લે છે. બીજું બધું વખત પર નિર્ભર છે.

પર્વત પર ચઢવાની બે રીતો છે : એકમાં ગોળ ગોળ, ધીરે ધીરે, શ્રમિત થઈને, પા પગલી પા પગલી કરતાં સેંકડો વર્ષે પહોંચાય. અને બીજામાં અદૃષ્ટ પાંખો ફફડાવતાકને શિખર પર સીધા ઊડીને પહોંચવાની રીત ! (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૯૧-૯૨)

*

## મુશ્કેલીઓથી દૂર ભાગવું એ નિરાકરણ નથી.

આપણે જાણીએ છીએ કે જે ઘણાખરા લોકો અરણ્યમાં એકલા રહે છે તેઓ આસપાસનાં પ્રાણીઓની સાથે, વનસ્પતિની સાથે મૈત્રી બાંધી શકે છે; પરંતુ માત્ર એકલા રહેવું એથી જ કંઈ આંતરિક પ્રત્યાલોચન અને પરમ સત્યના અનુસંધાન સાથે જીવવામાં પ્રવેશ કરવાની શક્તિ મળે છે એમ માનવું એ બરાબર નથી. કદાચ આ બધુ સહેલું હોય, કારણ કે સંજોગો પ્રમાણે તમે બીજું કશું જ કરી શકો તેમ ન હોય. પણ આથી મને કશી ખાતરી થતી નથી. કોઈ પણ વ્યક્તિ આવા જીવનવ્યવહારો રચી શકે છે અને જીવનના મારા અનુભવ પ્રમાણે મને જણાય છે કે, જો કોઈ મુશ્કેલીઓની વચ્ચે રહ્યા છતાં પોતાના સ્વભાવને નિયંત્રિત કરી શકે, જો કોઈ શાશ્વત હાજરી સાથે પોતાના અંતરમાં એકલો રહેવાને પ્રયત્ન કરે, પછી ભલે પ્રભુકૃપાએ આપેલા એના એ જ સંજોગો ચાલુ રહે, તો તેમાં તેને જે અનુભૂતિ (કે સાક્ષાત્કાર) થાય તે અનેક ઘણી વધારે સાચી, વધારે ગંભીર અને વધારે ચિરસ્થાયી હોય છે.

મુશ્કેલીઓ પર વિજય મેળવવા તેમનાથી દૂર ભાગી જવું એ કંઈ ઉકેલ નથી. એ ઘણું આકર્ષક હોઈ શકે. જેઓ અધ્યાત્મજીવન ગાળવા માગે છે તેમનામાં એવું કંઈક હોય છે જે કહે છે : ''અરે ! ઝાડની નીચે એકલા બેસવું, ધ્યાનમાં મગ્ન થવું, કંઈક બોલવાની કે કરવાની લાલચ નહિ, — એ કેવું મઝાનું !'' આમ લાગે છે, કારણ કે એ દિશામાં જબરદસ્ત મંડાણ થયું હોય છે. પણ એ ઘણું ભ્રામક છે.

ઉત્તમ ધ્યાન એ છે જે એકાએક થઈ આવે, કારણ કે, તે એક કર્યા વિના ચાલે જ નહિ એવી સ્થિતિમાં ઝડપાઈ જવાનું બને છે. એકાગ્ર થયા સિવાય, ધ્યાન ધર્યા સિવાય, દેખાવોથી પર થઈને નિરીક્ષણ કર્યા સિવાય બીજો કોઈ રસ્તો જ હોતો નથી. અને આમ તમે અરણ્યના એકાંતમાં હો ત્યારે જ બની જાય એ કંઈ આવશ્યક નથી; તમારામાં કંઈક તૈયાર થયું હોય, વખત પાકી ચૂક્યો હોય, સાચી આવશ્યકતા આવી લાગી હોય, કૃપા તમારી સાથે હોય, — ત્યારે તેમ બને છે.

મને લાગે છે કે માનવજાતિએ કંઈક પ્રગતિ કરી છે અને સાચો વિજય જીવનમાં રહીને જ મેળવવો જોઈશે.

ગમે તે પ્રકારની પરિસ્થિતિની વચ્ચે હોવા છતાં શાશ્વતની સાથે, અનંત સાથે એકલા કેમ રહેવું એ તમારે જાણવું જોઈશે. એક પરમ જ તમારો સાથીદાર હોય, ગમે તે પ્રકારના વ્યવહારમાં તમે હો તોય મુક્ત કેવી રીતે થવું, એ તમારે જાણવું જોઈશે. અને ખરેખરો વિજય એ જ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૩૦૦-૦૧)

*

## સાચી એકનિષ્ઠા

જે માણસો પોતાને વિશેની હલકી મનોવૃત્તિની મૂર્ખામીઓથી ચિંતિત થાય, દુઃખી થાય કે નાહિંમત થઈ જાય તો તેઓ ઘણે આગળ જઈ શકતા નથી. અને આવું બને છે તેનું કારણ તમે દુર્ભાગી છો કે તમારા કપાળમાં સુખ લખ્યું નથી, એવું નથી હોતું. પરંતુ એથી ઊલટું, દિવ્ય ચેતના અને દિવ્ય કૃપા તમારા સંકલ્પને ગંભીરતાથી જુએ છે અને તમારે માર્ગે સંજોગો એક કસોટીરૂપ નીવડે એમ થવા દે છે; તમારો સંકલ્પ સચ્ચાઈયુક્ત છે કે નહીં, તમે મુશ્કેલીઓનો સામનો કરવા પૂરતા સશક્ત છો કે નહીં, એ તે નિહાળે છે.

એટલા માટે, જો કોઈ તમારી ઠેકડી ઉડાવે અથવા બહુ ઉદાર-ભાવ વગરનું તમને કહે, તો પ્રથમ તમારે તમારી અંદર જોવું; કઈ દુર્બળતાને લઈને, અપૂર્ણતાને લઈને આમ બનવા પામ્યું છે તે વિચારવું, — ખિન્ન ન થવું, રોષે ન ભરાવું કે વ્યથિત ન થવું. કારણ કે, તમે જે તમારી કિંમત આંકો છો એ હિસાબે તમારી કદર કરતા નથી. એથી ઊલટું, તમને દિવ્ય કૃપાએ જે તમારી દુર્બળતાને, અપૂર્ણતાને, કે વિકૃતિને સુધારવા તરફ ધ્યાન દોર્યું તે માટે તેનો આભાર માનવો જોઈએ.

એટલા માટે, દુઃખી થયા વગર તમે સંપૂર્ણ સંતુષ્ટ થઈ શકો છો, લાભ ઉઠાવી શકો છો, — તમારા પ્રત્યે જે ઈજાની વૃત્તિ સેવવામાં આવી હતી તેમાંથી મોટો લાભ ઉઠાવી શકો છો.

તદુપરાંત, તમારે જો સાચે જ યોગને માર્ગે જવું હોય, યોગાભ્યાસ કરવો હોય, તો કોઈ કદરની ખાતર કે માનની ખાતર તેમ કરવું ન જોઈએ; તમારા અંતરાત્માની (સત્‌તાની) તે એક

અનિવાર્ય જરૂરિયાત છે, તે સિવાય અન્ય કોઈ રીતે તમને ચેન પડી શકે એમ નથી, એમ હોય તો જ તેમ કરવું. લોકો તમારી કદર કરે છે કે નથી કરતા એ બિલકુલ મહત્ત્વનું નથી. પ્રથમથી જ તમારે માની લેવું જોઈએ કે સામાન્ય લોકોથી તમે જેટલા દૂર જાઓ, સામાન્ય પ્રકારની રહેણીકરણીથી જેટલા પરાયા રહો, તેટલા તદ્દન સ્વાભાવિકપણે લોકો તમને ઓછું સમજી જશે, એટલે કદર પણ ઓછી કરી શકશે. ફરીને કહું છું કે આનું કશું જ મહત્ત્વ નથી.

ખરી સચ્ચાઈ એ છે કે આપણે માર્ગે આગળ વધ્યે જવું, કારણ કે તે સિવાય કોઈ છૂટકો નથી; દિવ્ય જીવનની ખાતર સમર્પિત થતા જવું, કારણ કે તે સિવાય બીજો કોઈ આરો નથી; તમારી સત્‌તાના રૂપાંતરને સાધવા માટે પ્રકાશમાં ખુલ્લા થતા જવું, — કારણ કે તે વિના કંઈ થઈ શકે એમ નથી, કારણ કે તમારા જીવનનો એ જ એક હેતુ છે.

આમ જ્યારે બને ત્યારે ચોક્કસ જાણવું કે તમે સાચે માર્ગે છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૩૦૮-૩૦૯)

*

## ચાર ઉમદા સત્યો

આપણે અહીં ચાર સત્યો અને **અષ્ટાંગ માર્ગ*** જે દુઃખનો નાશ કરનારાં છે તે વિશે બૌદ્ધ શાસ્ત્રો પ્રમાણે વિચારીએ :

ચાર આર્ય સત્યો આ પ્રમાણે છે :

(૧) જીવન, જે સામાન્યપણે અજ્ઞાન અને જૂઠ પર રચાયેલું છે તે દુઃખની સાથે હમેશને માટે સંકળાયેલું છે : દેહનું દુઃખ અને મનનું દુઃખ.

(૨) આ દુઃખનું કારણ તૃષ્ણા છે. જીવનની ભિન્નતાને લઈને અજ્ઞાનને કારણે તે ઉત્પન્ન થાય છે.

(૩) આ દુઃખને ટાળી શકાય એમ છે, તેનો અંત લાવી શકાય એમ છે.

(૪) આ પ્રકારની મુક્તિ (અથવા નિર્વાણ) અષ્ટાંગ માર્ગના અનુસરણથી મેળવી શકાય છે, જે ક્રમશઃ મનને અજ્ઞાનમાંથી શુદ્ધ કરતા જાય છે. ચોથું સત્ય અષ્ટાંગ માર્ગની પ્રક્રિયા રૂપે ગણાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૭૦)

*

* આ આઠ અંગો આ પ્રમાણે છે : સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્માંત, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ, સમ્યક્ સમાધિ. (અનુવાદક)

## ઉમદા અષ્ટાંગ માર્ગ

આર્ય માર્ગ નીચેની આઠ ભૂમિકાઓના નિયંત્રણથી બનેલો છે :

(૧) **સમ્યક્ દૃષ્ટિ :** વસ્તુઓ જેવી છે તેવી જોવી, એટલે કે શુદ્ધ, સચોટ, ઉત્તમ દૃષ્ટિ. અસ્તિત્વનાં ત્રણ લક્ષણો છે : દુઃખ, અનિત્યતા, દૃઢ મૂળ અહંનો અભાવ. આમ ધમ્મપદ કહે છે. પરંતુ એ પ્રમાણે નથી. મનોવૈજ્ઞાનિક સંકલનમાં કોઈ દૃઢ, ચિરસ્થાયી અને ભિન્ન વ્યક્તિત્વનો અભાવ, વૈયક્તિક ચેતનામાં સાચા સાતત્યનો અભાવ, — એમ છે. દાખલા તરીકે, આને લઈને સામાન્ય અવસ્થામાં કોઈ પોતાના અતીત જન્મોનું સ્મરણ રાખી શકતો નથી, અથવા તો સમગ્ર જીવન સંકુલમાં સજાગ સાતત્યનું ભાન હોતું નથી.

આથી પ્રથમ વાત છે સાચી રીતે જોવું, — એટલે સામાન્યપણે જીવનની સાથે દુઃખ જોડાયેલું હોય છે, બધી વસ્તુઓ અનિત્ય છે અને વ્યક્તિગત ચેતનામાં સાતત્ય નથી — એમ શુદ્ધ રીતે જોવું તે.

(૨) **સમ્યક્ હેતુ વા ઈચ્છા :** પરંતુ ''ઇચ્છા'' (કે કામના) વપરાયો હોવો ન જોઈએ, કારણ કે આપણને જણાવવામાં આવ્યું છે કે આપણામાં ઇચ્છા નહીં હોવી જોઈએ. ખરું જોતાં એ ''સાચી અભીપ્સા'' હોવી જોઈએ. 'ઇચ્છા'ને બદલે 'અભીપ્સા' શબ્દ રાખવો જોઈએ.

''આસક્તિઓમાંથી મુક્ત થવું અને અસ્તિત્વ ધરાવતી દરેક વસ્તુ તરફ ભલા વિચારો સેવવા.'' નિરંતર ભલાપણાની — સારાપણાની અવસ્થા જાળવી રાખવી. હંમેશાં સૌને માટે સારામાં સારું ઇચ્છવું.

(૩) **સમ્યક્ વાણી** (કોઈને પીડા ન કરે તેવી) **:** બિનજરૂરી કદાપિ બોલવું નહિ. દુઃખ કે અપકારક વાણીને ધ્યાનપૂર્વક ટાળવી.

(૪) **સમ્યક્ વર્તન : શાંત, પ્રામાણિક :** બધી રીતે, માત્ર ભૌતિક રીતે નહિ, પણ નૈતિક દૃષ્ટિએ, માનસિક દૃષ્ટિએ, માનસિક પ્રામાણિકતા પ્રાપ્ત કરવી એ એક ઘણી અઘરી વસ્તુ છે.

(૫) **સમ્યક્ આજીવ** (આજીવિકા ચલાવવી) **:** કોઈને, કોઈ પણ પ્રાણીને પીડા કે ભય ન થાય તેવું વર્તન. આ સમજવું પ્રમાણમાં સહેલું છે. કેટલાક એવા હોય છે, જેઓ આ મુદ્દાનો અતિરેક કરે છે, સામાન્ય બુદ્ધિથી વિરુદ્ધ જઈને : દાખલા તરીકે, જેઓ પોતાના મોં પર રૂમાલ ઢાંકે છે, જેથી કરીને જંતુઓ મોંમાં પેસી ન જાય, જીવજંતુ ચગદાઈ ન જાય માટે જેઓ રસ્તે ચાલતાં રસ્તો વળાઈ જાય એવું સાધન રાખે છે. મને આ કંઈક વધારે પડતું લાગે છે; કારણ કે, અત્યારે જે પ્રકારનું જીવન છે તે આખુંય સંહારક છે. પરંતુ જો તમે પાઠને સમ્યક્ ભાવે સમજો તો એમ અર્થ નીકળે કે કંઇ પણ ઈજા ન થાય એવી શક્યતાને ટાળવી જોઈએ, જાણીબૂજીને કોઈ પણ પ્રાણીને ભયમાં ન મૂકવું. અહીં સઘળાં જીવતાં પ્રાણીઓનો સમાવેશ કરવો જોઈએ; અને જો તમે વિશ્વનાં સઘળાં

પ્રાણીઓ લગી તમારી સંભાળ અને માયાળુપણાને વિસ્તારી શકો, તો તમારા આંતરિક વિકાસમાં એ ઘણું અનુકૂળ થશે.

(૬) **સમ્યક્ પ્રયત્ન (વ્યાયામ) :** નકામી વસ્તુઓને માટે નિરર્થક પ્રયત્ન કરો નહીં; ખરી રીતે અજ્ઞાન પર વિજય મેળવવામાં તમારા સઘળા પ્રયાસની સઘળી શક્તિ જાળવી રાખો, જૂઠમાંથી તમારી જાતને મુક્ત કરો. અને તમારે વધારે પડતું કદાપિ નહીં કરી શકો.

(૭) **સમ્યક્ જાગૃતિ (સ્મૃતિ) :** છટ્ઠા અંગને આ વધુ દૃઢ બનાવે છે. તમારે સક્રિય અને જાગ્રત મન રાખવું જોઈએ. અડધી તન્દ્રાવસ્થામાં, અડધી અચેતન અવસ્થામાં રહેવું નહીં, જીવનમાં સામાન્યપણે તમે ગમે તે થાય એમ માનીને તમારી જાતને વહેતી મૂકો છો. પ્રત્યેક જણ આમ કરે છે. કોઈ કોઈ વાર સજાગ થઈ જાઓ ત્યારે તમને લાગે છે કે તમે તમારો સમય વેડફી નાખ્યો છે. પછી તમે ખૂબ પ્રયાસ કરવા મંડી પડો છો અને વળી પાછા થોડા સમય પછી પાછા પડી જાઓ છો, સુસ્ત થઈ જાઓ છો. ભલે જે કાંઈ હોય તે ઉગ્ર ઓછું હાય, પણ તે નિરંતર હોય.

(૮) **સમ્યક્ સમાધિ :** વસ્તુઓના તત્ત્વ પર, અંતરતમ સત્ય પર અને પ્રાપ્તવ્ય ધ્યેય પર નિરહંકાર વિચારની એકાગ્રતા. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૭૧-૭૨)

*

## દુઃખમાંથી મુક્તિ

ધમ્મપદમાં એક વાત કહેવામાં નથી આવી : આત્મપરિપૂર્ણતાના અને પ્રગતિની આગેકૂચના નિયંત્રણના પરિણામ રૂપે એક પરમ નિઃસ્વાર્થતા, એક પરમ મુક્તિ ફલિત થાય છે; પણ તે અહીં જાણાવેલા નિશ્ચિત લક્ષ્યબિંદુ, નિર્વાણની મુક્તિ તરીકે નહીં; પરંતુ આ પ્રગતિની આગેકૂચ પાર્થિવ જીવનનો અને વૈશ્વિક અસ્તિત્વનો હેતુ તેમ જ ગંભીર ધર્મ છે અને ગમે તે ભોગે આપમેળે તમે તમારી જાતને તેના સંવાદમાં મૂકો છો એ કારણે.

દિવ્ય કૃપામાં એક ઊંડો વિશ્વાસ હોય છે, દિવ્ય સંકલ્પ પ્રત્યે એક સમગ્ર શરણાગતિ હોય છે. દિવ્ય યોજના પ્રત્યે પૂર્ણરૂપે વળગી રહેવાપણું હોય છે, — જેને લઈને પરિણામની પરવા કર્યા વગર જે કરવાનું હોય છે તે વ્યક્તિ કરે છે. આ થઈ પૂર્ણ મુક્તિ.

ખરેખર દુઃખનો નાશ તે આ જ. ચેતના એક અફર આનંદથી સભર થઈ જાય છે અને ડગલે ને પગલે ગૌરવના અચંબાની અભિવ્યક્તિ તમે જોઈ શકો છો.

માનવજાતિને માટે બુદ્ધ જે કરી ગયા તે માટે આપણે તેમના કૃતજ્ઞી છીએ અને શરૂમાં મેં જે કહ્યું હતું તેમ તેમણે જે સુંદર વસ્તુઓ આપણને શીખવી છે તેને આત્મસાત્ કરવા આપણે પ્રયત્ન કરીશું; પરંતુ આપણા પ્રયાસનું લક્ષ્ય અને તેનું પરિણામ સઘળી સમજથી પર એવી પરમ પ્રજ્ઞા પર આપણે છોડી દઈશું. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૩૨૩-૨૪)

*

# બુદ્ધની કથા શ્રી માતાજીએ પુનઃ સંભળાવી તે મુજબ

એક જુવાન બ્રહ્મચારી બહુ જ ચતુર હતો અને પોતાના આ ગુણ વિશે તે સભાન પણ હતો. વળી તેને પોતાની આ શક્તિમાં હંમેશાં વધારો કરતા રહેવાની ઇચ્છા પણ રહેતી અને તે દ્વારા તે પોતાની સર્વત્ર પ્રશંસા થાય એમ પણ ઝંખતો હતો. એટલા માટે તેણે અનેક દેશોમાં પ્રવાસ પણ ખેડ્યો હતો.

એ મુસાફરીમાં તેણે એક તીર બનાવનાર પાસેથી તીર બનાવવાનું જ્ઞાન મેળવ્યું.

થોડો આગળ જઈને તેણે હોડી બનાવવાનું અને હોડીને હંકારવાનું કામ શીખી લીધું.

ત્યાંથી આગળ ચાલતાં તેણે મકાન ચણવાની કળા શીખી લીધી. ત્યાંથી પછી બીજે ઠેકાણે જઈ તેણે બીજી કળાઓ પણ જાણી લીધી.

એમ કરતાં કરતાં સોળ દેશોમાં ફરીને તે ઘેર આવ્યો અને ખૂબ જ અભિમાનપૂર્વક કહેવા લાગ્યો, 'આ પૃથ્વી ઉપર મારા જેવો ચતુર માણસ હવે બીજો કોણ છે ?'

એક દિવસ ભગવાન બુદ્ધે આ બ્રહ્મચારીને જોયો અને તેમને થયું કે આ માણસ અત્યાર સુધીમાં ઘણી કળાઓ શીખી લાવ્યો છે. પણ તેને હજી એ સૌ કરતાં પણ વધુ મોટી કળા શીખવા મળી નથી. તેઓ પોતે એને મળે તો ખૂબ જ સારું થાય એટલે તેમણે ઘરડા શ્રવણનું રૂપ લીધું અને પેલા યુવાનની પાસે ગયા. તેમના હાથમાં એક ભિક્ષા પાત્ર હતું.

'આપ કોણ છો ?' બ્રહ્મચારીએ તેમને પૂછ્યું.

'હું મારા શરીરને કાબૂમાં રાખી શકું તેવો એક માણસ છું.'

'એટલે આપ શું કહેવા માગો છો ?'

'એક બાણાવળી પોતાનાં બાણ ચલાવી જાણે છે.' બુદ્ધે જવાબ દીધો. 'એક નાવિક હોડી ચલાવી જાણે છે. મકાન બાંધનાર સ્થપતિ પોતાની દેખરેખ હેઠળ મકાનો બંધાવી શકે છે. પરંતુ જે જ્ઞાની છે તે બીજા કોઈ ઉપર નહિ પરંતુ પોતાના ઉપર જ શાસન કરે છે.'

'એ કઈ રીતે ?'

'જો કોઈ એની પ્રશંસા કરે તો તેથી તેનું મન કંઈ ફુલાતું નથી. કોઈ તેની નિંદા કરે તો તેથી પણ તેના મનની સ્થિરતામાં ભંગ પડતો નથી. તે પ્રાણીમાત્રના હિતને ખાતર કાર્ય કરતો હોય છે અને હમેશાં શાંતિમાં રહેતો હોય છે.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૬ - ૭)

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં શ્રી સુન્દરમ્‌જીના જન્મદિન નિમિત્તે શ્રી અરવિન્દ સોસાયટી, વિમેન્સ કાઉન્સિલ દ્વારા તેઓશ્રીને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૨૪મી માર્ચના રોજ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રી સુન્દરમ્‌જી રચિત ગીતો/કાવ્યોને ભાવપૂર્ણ સ્વરાંકન સાથે રજૂ કરવામાં આવ્યાં હતાં. આમાં લોકગીતોમાં સહજ રીતે જ વ્યક્ત થતી ઊર્મિઓથી લઈને તૃષાર્ત હૃદયની અભીપ્સાને વ્યક્ત કરતા ભાવવૈવિધ્યને સફળ રીતે રજૂ કરવામાં આવ્યું હતું.

સ્વરાંકન શ્રીમતી અંગિરાબેન પટેલનું હતું અને ગાયકવૃંદમાં વિમેન્સ કાઉન્સિલની બહેનો સહભાગી બની હતી. વાદ્ય કલાકારોમાં હારમોનિયમ ઉપર શ્રી અશોકભાઈ મિસ્ત્રી અને તબલા ઉપર શ્રી ગીરીશ ઘોટીકરે સાથ આપ્યો હતો. કાર્યક્રમનું સૂત્ર સંચાલન શ્રી નીલકંઠભાઈ જોશીએ સંભાળ્યું હતું. કાર્યક્રમને અંતે ભાગ લેનાર સૌ બહેન-ભાઈઓને શ્રી કિરીટ ઠક્કર લિખિત 'સુન્દરમ્ : પૂર્ણ-યોગના પ્રકાશમાં ' પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

*(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)*

*

જામનગર કેન્દ્રમાં નીચે મુજબ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

તા. ૨૧-૨-૨૦૧૮ શ્રી માતાજીનો જન્મદિન : દર્શન દિન : સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન સાંજે ૭થી ૮.૩૦. ભક્તિસંગીત અને ધ્યાન, જેમાં શરૂઆતમાં જોડિયા તાલુકાના કુન્નર ગામથી આજના કાર્યક્રમમાં ખાસ પધારેલ ભક્તહૃદયી બહેન શ્રી શારદાબહેને મધુર કંઠે ભક્તિગીતો રજૂ કર્યાં. ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ સભ્ય સંગીતકાર શ્રી લક્ષ્મણભાઈ ગુંસાઈ અને તેમનાં પૌત્રી ચિ. ધ્વનિએ કોરસમાં ભક્તિગીતો રજૂ કર્યાં. સમગ્ર દિવસનું વાતાવરણ શ્રી માતાજીની સન્નિધિસભર, આનંદમય રહ્યું.

તા. ૨૮-૨-૨૦૧૮ : ઑરોવિલ સ્થાપના દિન સુવર્ણ જયંતી : સવારે ૧૦ થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન સાંજે ૭ થી ૭.૩૦ ધ્યાનખંડમાં નીરવ ધ્યાન.

તા. ૨૯ માર્ચ ૨૦૧૮ : શ્રી માતાજીનો પોંડિચેરીમાં પ્રથમ આગમન-દિન : સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન, સાંજે ૭થી ૮ ધ્યાન, પ્રાર્થના, પ્રસંગને અનુરૂપ વાચન.

તા. ૪ એપ્રિલ ૨૦૧૮ : શ્રી અરવિન્દનો પોંડિચેરીમાં આગમન-દિન, જામનગર કેન્દ્રમાં શ્રી અરવિન્દના દિવ્યાંશની સ્થાપના (૨૦૦૫) નો દિવસ. બન્ને પ્રસંગના અનુસંધાને દ્વીદિવસીય વ્યાખ્યાનમાળા યોજવામાં આવી. કાર્યક્રમોમાં સારી સંખ્યામાં સાધકો ઉપસ્થિત રહ્યા હતા. તા. ૩-૪-૧૮ સવારે ૯થી ૧૦ અને સાંજે ૭થી ૮.૩૦ પ્રવચન. તા. ૪-૪-૧૮ સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન સાંજે ૭થી ૮ પ્રવચન, ત્યારબાદ ભોજન. પ્રવચનના ત્રણેય સત્રો દરમિયાન બોટાદ નિવાસી પ્રો. ભારતસિંહ ઝાલાએ ''માનવજાતિની મનથી અતિમનસ સુધીની આનંદયાત્રા'' એ વિષય પર સરલ ભાષામાં અતિ ગહન વિષયને સુંદર રીતે સમજાવ્યો હતો. તેઓશ્રીએ અતિ નમ્ર ભાવે વિષયને અનુરૂપ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના જીવન

પ્રસંગોને ટાંકીને વિશદતાપૂર્વક સમગ્ર વિષયની રજૂઆત કરી જેનાથી સર્વે શ્રોતાજનોએ પ્રસન્નતા અનુભવી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વાતાવરણ અતિ સઘન અને શ્રી માતાજીની સંનિધિસભર રહ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્યો તથા કેન્દ્રના ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શ્રી માતાજીના કાર્યમાં સેવા આપી. *(અહેવાલ : શ્રી બિપિન શનિશ્ચરા)*

*

તા. ૨૯ માર્ચ ૨૦૧૮ શ્રી માતાજીના પોંડિચેરી આગમન દિનથી તા. ૪ એપ્રિલ ૨૦૧૮ શ્રી અરવિન્દના પોંડિચેરીમાં આગમનદિન દરમિયાન દરરોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં સાવિત્રી પઠનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૨૦-૨૫ અભીપ્સુઓએ નિયમિત ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન સાવિત્રી પર્વ-૧ અને પર્વ-૭થી ૧૨નું પઠન કરવામાં આવ્યું હતું.

*

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે તા. ૭-૮ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન એક આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો વિષય હતો : ચાલો, આપણી જાતને ઓળખીએ. શિબિરનું સંચાલન સુ. શ્રી જ્યોતિહેન થાનકીએ કર્યું હતું. સવારના ૯.૩૦ થી સાંજના ૬.૦૦ સુધીના આ શિબિરમાં પ્રવચન, ચિંતન, જૂથ ચર્ચા, પ્રશ્નોતરી જેવા વિવિધ આયામો દ્વારા આંતરમનને જાણવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ અને શ્રી અરવિન્દ સોસાયટી વડોદરા આયોજીત આ શિબિરમાં ૧૦૦થી વધુ અભીપ્સુઓએ ભાગ લીધો હતો. *(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)*

*

**સાભાર સ્વીકાર : (૧) અનુરણન : કમલ વોરા :** પ્રકાશક : કમલ વોરા, A-૪૦૩, પારસનાથ, સુધા પાર્ક, શાંતિ પથ, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ ૪૦૦૦ ૦૦૭. મો : ૯૮૧૯૮૨૦૨૮૬ ડેમી ૧/૮. પૃષ્ઠ સંખ્યા ૨૦૦ મૂલ્ય રૂા. ૧૦૦/-. ઉત્તમ ગુણવત્તાવાળા કાગળ ઉપર અતિ સુંદર છાપકામ. પાકા પૂઠા સહિતની સુઘડ બાંધણી. લેખકશ્રીએ પરમ પૂજ્ય ભાઈ, શ્રી નાથાલાલ હ. જોશી (ગોંડલ)ને સંબોધીને પત્રરૂપે લખેલા પોતાના અનુભવો આ 'અનુરણન' પુસ્તક રૂપે પ્રકાશમાં આણ્યા છે. લેખકના આ પત્ર અનુભવોમાંના ઘણાખરા પરમ પૂજ્ય ભાઈએ જાતે વાંચ્યા હતા. આ પુસ્તકરૂપી મહાસાગરમાં ડૂબકી મારીને હરકોઈ અખૂટ આનંદ લઈ શકે એમ છે એવી શ્રદ્ધા લેખકશ્રીએ અભિવ્યક્ત કરી છે.

(૨) **અભીપ્સા : દીપક પંડ્યા :** પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન, ૩૦, બીજે માળ, કૃષ્ણ કૉમ્પલેક્સ, જૂનું મોડલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. મો. ૯૮૨૫૦૫૭૯૦૫ ડેમી ૧/૮. પૃષ્ઠ સંખ્યા ૬૪. મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ. સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૧૦૦/-. રંગબેરંગી મુખપૃષ્ઠ ઉપર આશ્રમ કળાકાર શ્રી પ્રીતિ ઘોષનું સુંદર ચિત્ર (અલબત્ત, પુસ્તકમાં આ ચિત્ર વિશે કે કળાકાર વિશે સૌજન્ય પૂરતો પણ ક્યાંય કશો ઉલ્લેખ જોવા મળતો નથી) પ્રસ્તુત કાવ્યસંગ્રહમાં સાધકની આંતરસાધનાની યાત્રા ૫૧ અછાંદસ કવિતાઓના માધ્યમ રૂપે વર્ણવાયેલી જોવા મળે છે. સંગ્રહને શ્રી જ્યોતિબહેન થાનકીની કલમની (ભૂમિકારૂપ) પ્રસાદી પ્રાપ્ત થઈ છે.

# નિર્વાણ

(પૃથ્વી)

થયું સકલ લુપ્ત, એકલ અવાક ગાજી રહ્યો.
વિચારવિનિમુક્ત ચિત્ત, ઉર મુક્ત સૌ શોકથી
અભાવ ધરતાં હવે નવ મનાય એવો; ન 'હું'.
નથી પ્રકૃતિ ગોચરા, અથ અગોચરાયે નથી.
પણે નગર છાયની વરણભેદહીણી છબી
સમું તરવરે અવાસ્તવ; ઉઠાવહીણાં થતાં
પસાર ચલચિત્ર માળ સમ રૂપ ખાલી નર્યાં;
અકૂલ ગહને થતું જગત ડૂલ આખુંય આ.

અહીં અપરિસીમ શાશ્વત જ રાજતો, શાંતિ કો
અરૂપ અવિકંપ અદ્‌ભુત સમસ્તના સ્થાનમાં:
અહં સમય એકનું અવ બની જતું તે મહીં
અનામ અવકાશ નીરવ સુખે અવિજ્ઞેયમાં
ગળંત, અથવા પ્રભાસ્વર અનંતના અબ્ધિઓ–
તણા અનુભવો કરી પુલકવંત પોતે થતું.

અનુ. શ્રી પૂજાલાલ — શ્રી અરવિન્દ

(વર્ષ ૦૪ : અંક ૫)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/FEB-18 TO JULY-18

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**